## વિકાસ, પ્રવાસન અને વન્યજીવ સંરક્ષણનો અનોખો સંગમ ગણાતા

# આંબરડી સફારી પાર્કનાં નિર્માણ પાછળ ૧૦થી ૧૨ કરોડનો ખર્ચ


ગત વર્ષ ૨૦૨૫–૨૬માં કુલ ૧,૩૦,૯૫૮ પ્રવાસીઓએ સફારી પાર્કની મુલાકાત લીધી

વન વિભાગે રૂપિયા ૨૦.૪૩ કરોડથી વધુ આવક થવા પામી

પાર્કિંગ, રિસેપ્શન સેન્ટર, વેઈટિંગ રૂમ, ફૂડ કોર્ટ સહિતની સુવિધાઓ

દિવ્યાંગજનોને અનુકુળ વ્યવસ્થાઓ વિકસિત થઈ













સંકલન અને આલેખન : ધર્મેશ વાળા–અમરેલી







અમરેલી, તા. ૧૩

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં વિકાસ અને જનકલ્યાણની સિદ્ધિઓને જનજન સુધી પહોંચાડવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ સંદર્ભમાં અમરેલી જિલ્લાના ધારી ખાતે વિકસિત આંબરડી સફારી પાર્ક વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને પ્રવાસન ક્ષેત્રે રાજય સરકારની દુરંદેશી નીતિઓનું જીવંત ઉદાહરણ બનીને ઉભર્યુ છે.

વર્ષ ૨૦૧૭માં શરૂ થયેલ આ આંબરડી સફારી પાર્ક આજે અમરેલી જિલ્લાના અગત્યના પ્રવાસન કેન્દ્રોમાં સ્થાન પામ્યું છે. આશરે ૩૬૫ હેકટર વિસ્તારમાં ફેલાયેલ આ પાર્કના નિર્માણ પાછળ અંદાજે રૂા. ૧૦થી ૧૨ કરોડ જેટલી રકમનો માતબર ખર્ચ કરવામાં આવ્યો હતો. અહીં એશિયાટિક સિંહ ઉપરાંત દીપડા, ચિતલ, ચીંકારા, નીલગાય, કાળિયાર અને વિવિધ પ્રજાતિના પક્ષીઓનું કુદરતી વાતાવરણમાં નિરીક્ષણ કરવાની અનોખી તક મળે છે.

પ્રવાસીઓની સુવિધા માટે પાર્કમાં પાર્કિંગ, રિસેપ્શન સેન્ટર, વેઈટિંગ રૂમ, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, ફૂડ કોર્ટ, પીવાના પાણીની સુવિધા તેમજ દિવ્યાંગજનોને અનુકૂળ વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પ્રવાસીઓ અને મુલાકાતીઓ માટે ઓનલાઈન અને ઓફલાઈન બંને પ્રકારની ટિકિટ બુકિંગની સુવિધા ઉપલબ્ધ છે. પ્રવાસીઓ સરળતાથી બુકીંગ કરી શકે છે.

આંબરડી સફારી પાર્કનું વિશેષ આકર્ષણ વિના સૌથી મોટા સિંહ સ્ટેચ્યુ પૈકીનું એક ગણાતું ભવ્ય સિંહ સ્ટેચ્યુ છે, જેને વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા નોમિનેશન પણ મળ્યું છે. આ ઉપરાંત અર્બોરેટમ, પોલિનેટર પાર્ક તથા તાજેતરમાં નિર્માણ પામેલ લેપર્ડ કેજ પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણ બની રહ્યા છે. વન્યજીવ સંરક્ષણની દિશામાં પણ આ સફારી પાર્ક મહત્વપૂર્ણ કામગીરી કરી રહ્યું છે. સિંહોની આરોગ્ય સંભાળ માટે મેડિકલ એમ્બ્યુલન્સ, આધુનિક સર્જિકલ સાધનો, યુવી લાઈટ, હીટર, કૂલર અને ફોગર જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. અનુભવી પશુચિકિત્સક અને લાઈવસ્ટોક ઈન્સ્પેકટરો દ્વારા વન્યપ્રાણીઓની સતત દેખરેખ રાખવામાં આવે છે.

પાર્કમાં પાંચ આધુનિક સફારી બસોની સુવિધા ઉપલબ્ધ છે, જેમાંથી બે બસો એરકન્ડિશન્ડ છે. સુરક્ષિત બસ સફારી દ્વારા પ્રવાસીઓને બે અલગ–અલગ સ્થળોએ સિંહ દર્શન કરાવવામાં આવે છે, જેના કારણે પ્રવાસીઓને સિંહ દર્શનનો નિર્ભય અને રોમાંચક અનુભવ પ્રાપ્ત થાય છે.

વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન કુલ ૧,૩૦,૯૫૮ પ્રવાસીઓએ આંબરડી સફારી પાર્કની મુલાકાત લીધી હતી, જેના પરિણામે રૂા. ૨૦.૪૩ કરોડથી વધુની આવક પ્રાપ્ત થઈ હતી. આ આંકડા પાર્કની વધતી લોકપ્રિયતા અને અમરેલી જિલ્લાના પ્રવાસન ક્ષેત્રે તેના મહત્વને સ્પષ્ટ કરે છે.

આંબરડી સફારી પાર્ક માત્ર એક પ્રવાસન સ્થળ નથી, પરંતુ પર્યાવરણ સંરક્ષણ, વન્યજીવ સંવર્ધન અને સ્થાનિક વિકાસનું પ્રેરણાદાયક મોડેલ છે. અમરેલીના ધારી ખાતે આવેલ આ વિકસિત આંબરડી સફારી પાર્ક સ્વયં પોતાની સફળતાની ગાથા વર્ણવે છે અને એ સાબિત કરે છે કે, 'વારસાના ગૌરવ અને જનકલ્યાણના સંકલ્પ' સાથે સાચા અર્થમાં પ્રગતિના નવા દ્વાર ખૂલી રહ્યા છે.

---

### સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છવાયો

## બાબરાનાં ૪ ભૂદેવોને અમરેલી જિલ્લાનાં બ્રહ્મસમાજનાં સંગઠનમાં સ્થાન મળ્યું

**પાલિકા ઉપપ્રમુખ યજ્ઞેશ શુકલ યુવા બ્રહ્મસમાજનાં મંત્રી બન્યા**









બાબરા, તા. ૧૩

બ્રહ્મસમાજની સંગઠનાત્મક શકિત વધુ મજબૂત બનાવવા માટે અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ અને સમસ્ત યુવા બ્રહ્મસમાજ દ્વારા કરવામાં આવેલી નવી વરણીમાં બાબરાના ચાર પ્રતિષ્ઠિત ભૂદેવોને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવતા સમગ્ર બાબરા પંથકના બ્રહ્મસમાજમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે.

અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના ઉપપ્રમુખ તરીકે હસુભાઈ જોષી, મંત્રી તરીકે અતુલભાઈ ત્રિવેદી તથા વરિષ્ઠ માર્ગદર્શક તરીકે નરૂદાદા ત્રિવેદીની વરણી કરવામાં આવી છે. તેમજ અમરેલી જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજના મંત્રી તરીકે બાબરા નગરપાલિકા ઉપ પ્રમુખ યગ્નેશભાઈ શુકલની પસંદગી કરવામાં આવી છે.

સમાજમાં વર્ષોથી ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહી સમાજહિતના કાર્યો કરનારા આ આગેવાનોને મળેલી જવાબદારીઓ માત્ર વ્યકિતગત સન્માન નહીં પરંતુ સમગ્ર બાબરા વિસ્તારના બ્રહ્મસમાજ માટે ગૌરવની બાબત બની છે. તેમની વરણીથી યુવા પેઢીમાં પણ સમાજ પ્રત્યે વધુ જોડાણ અને સેવાભાવની ભાવના પ્રબળ બનશે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી.

આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજ યુવા, બાબરા, સમસ્ત બ્રહ્મસમાજ બાબરા શહેર તથા સમસ્ત બ્રહ્મસમાજ બાબરા તાલુકાના આગેવાનો અને સમાજજનો દ્વારા વરણીને હર્ષભેર આવકારી તમામ હોદેદારોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે જ નવી જવાબદારીઓના સફળ નિર્વહન માટે શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે સંગઠનની એકતા, સમાજના સર્વાંગી વિકાસ અને નવી પેઢીને સંસ્કાર તથા શિક્ષણ સાથે જોડવાના કાર્યોમાં આ નવી ટીમ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. બાબરાના આગેવાનોને જિલ્લા કક્ષાએ સ્થાન મળતા સમગ્ર પંથકના બ્રહ્મસમાજમાં નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર થયો હોવાનું જોવા મળી રહ્યું છે.

---

## અમરેલીમાં એઆરટીઓ દ્વારા બાઈક માટેની નવી સિરીઝની ઓકશન પ્રક્રિયા

અમરેલી, તા. ૧૩

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરસાઈકલની નવી સિરીઝ જીજે ૧૪ બીએમ ૦૦૦૧–૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૧૫ જુન, ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યાથી તા.૧૭ જુન, ૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૧૭ જુન, ૨૦૨૬ સાંજે ૪ કલાકથી તા.૧૯ જુન, ૨૦૨૬ સાંજે ૪ કલાક સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા.૧૯ જુન, ૨૬એ જાહેર થશે.

ઓનલાઈન ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan પર નોંધણી, યુઝર આઈ.ડી. પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.

આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ–ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫ (પાંચ)માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પધ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટયુબમાં ઈ–ઓકશન, આર.ટી.ઓ. ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

---

### ચીફ ઓફિસર અને ચાર્જ અધિકારીએ કરી લાલ આંખ

## અમરેલીમાં જનગણનાની ફરજમાં બેદરકારી દાખવનાર ૪ કર્મચારીઓ વિરૂઘ્ધ ફોજદારી કાર્યવાહી કરાશે

**૧૨ કર્મચારીઓને સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા તાકીદ**

અમરેલી, તા. ૧૩

જનગણના ૨૦૨૭ હેતુસર પ્રથમ ચરણ ઘર યાદીકરણની ક્ષેત્રિય કામગીરીમાં અત્રેથી ગણતરીદાર અને સુપરવાઈઝર કુલ ૨૫૧ની નિમણૂંક કરવામાં આવેલ છે. જનગણના ૨૦૨૭ મહત્વની રાષ્ટ્રિય કામગીરી હોય અને રાષ્ટ્રનાં હિતમાં નીતિ નિર્માણમાં અતિ મહત્વનો ભાગ ભજવે છે. સદર કામગીરી તા. ૧/૬/૨૦૨૬ થી તા. ૩૦/૬/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની હોય જેની ગંભીરતાને પણ લક્ષ્યમાં ન લઈ, ફાળવેલ ફિલ્ડ કામગીરીમાં બેદરકારી દાખવી, જનગણના ૨૦૨૭ની ફિલ્ડ કામગીરીમાં નકારાત્મક વલણ દર્શાવતા હોવાનું સ્પષ્ટ જણાઈ આવતા તા. ૮/૬/૨૦૨૬થી અમરેલી શહેરનાં ગણતરીદાર કુલ ૪૭ને નોટિસ આપવામાં આવેલ. જે પૈકીનાં ગણતરીદાર કુલ ૪ જનગણના ૨૦૨૭ની ફાળવવામાં આવેલ ફરજમાં હાજર ન થતાં તેઓ વિરૂઘ્ધ તા. ૧૨/૬/૨૦૨૬થી જનગણના અધિનિયમ ૧૯૪૮ની કલમ ૧૧ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૨ અને ૨૨૩ હેઠળ ફોજદારી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. ઉપરાંત જનગણના ૨૦૨૭ની ફરજમાં ગંભીર બેદરકારી દાખવતા સુપરવાઈઝર કુલ ૧૨ ને વિનોદભાઈ સી. રાઠોડ ચાર્જ અધિકારી અને મુખ્ય અધિકારી અમરેલી નગર સેવા સદન ધ્વારા સદર કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરાવવા તા. ૧૨/૬/૨૦૨૬થી નોટિસ આપવામાં આવેલ છે.

---

## અમરેલીમાં સોરઠીયા દરજી સમાજ દ્વારા સમૂહ ભોજન અને સન્માન સમારોહ યોજાયો

અમરેલી, તા. ૧૩

પવિત્ર અધિક માસ (પુઢષોત્તમ માસ) નિમિત્તે અમરેલીના સોરઠીયા દરજી સમાજ દ્વારા સમૂહ ભોજન તથા ભકિતભાવપૂર્ણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી ધાર્મિક અને સામાજિક એકતાનો સુંદર સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ગીત–સંગીત અને ભકિત ભજનોની રમઝટ જામી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભકિતમય બની ગયું હતું. ઉપસ્થિત સૌએ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

આ પ્રસંગે સમાજના વડીલોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સમૂહ ભોજનના મુખ્ય દાતા હરેશભાઈ ચૌહાણનું સમાજ તરફથી શાલ અને સન્માનપત્ર અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

સમાજના આગેવાનો દ્વારા આવા કાર્યક્રમો સમાજમાં એકતા, સંસ્કાર અને પરસ્પર સ્નેહભાવ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા હોવાનું જણાવાયું હતું. કાર્યક્રમના અંતે સમૂહ ભોજનનો લાભ લઈ સૌએ આયોજકો અને દાતાઓનો આભાર વ્યકત કર્યો હતો.

"એકતા, સંસ્કાર અને સેવાભાવનું સુંદર ઉદાહરણ – શ્રી સોરઠીયા દરજી સમાજ, અમરેલી."

## સત્તાધારી પક્ષનાં તાલુકા પંચાયતનાં સદસ્યાએ ઉર્જામંત્રીને પત્ર પાઠવ્યો

# અમરેલીનાં અનેક ગામોમાં સરકારી સહાયથી મળેલ ટ્રેકટરનો દુરૂપયોગ

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી ખરીદાયેલ ટ્રેકટરનો નિયમ પ્રમાણે ઉપયોગ થતો ન હોવાનો કર્યો આક્ષેપ**

**ગ્રામ્ય કક્ષાએ કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન માટે મંડળીઓ મારફત અપાતા ટ્રેકટરનો વ્યકિતગત ઉપયોગ થઈ રહ્યો છે**

**સરકારી સહાયથી મળેલ ટ્રેકટરનો સામૂહિક કે જરૂરિયાતમંદો માટે ઉપયોગ થવો જરૂરી છે**

**વ્યકિતગત રીતે ટ્રેકટરનો ઉપયોગ કરનારની તપાસ કરી કાર્યવાહી કરવા માંગ**

અમરેલી, તા. ૧૩

અમરેલી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી સરકાર ધ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી ગ્રામ્ય કક્ષાનાં કૃષિક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે મંડળી કે મંડળો મારફત ટ્રેકટરની સહાય કરવામાં આવે છે. પરંતુ અનેક ગામોમાં ટ્રેકટરનો દુરૂપયોગ થતો હોવાનો આક્ષેપ તાલુકા પંચાયતનાં સદસ્યા ભાવનાબેન સુખડીયાએ ઉર્જામંત્રીને પાઠવેલ પત્રમાં કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલીતાલુકાના જુદા જુદા ગામોની અંદર ભારત સરકાર અને ગુજરાત સરકારના અનુદાનમાંથી સ્વચ્છતા માટે તાલુકા કક્ષાની ગ્રાન્ટ તેમજ જિલ્લા કક્ષા ગ્રાન્ટ અને ગ્રામ્ય કક્ષાની ગ્રાન્ટોમાંથી મીની ટ્રેકટરો–ટ્રોલીઓ ખરીદવામાં આવેલી છે. તેમજ કૃષિ વિભાગના સહયોગથી સહકારમાંથી ગ્રામ્ય કક્ષાએથી ખેતીવાડીને પ્રાધાન્ય આપવા સામૂહિક રીતે મંડળો અને મંડળીઓ મારફતે મોટા ટ્રેકટરો આપવામાં આવેલ છે. જેમાં અમોને અનેક લોકોની લેખિત તથા મૌખિક અને ટેલીફોનીક અને નનામાં પત્રોથી આવા સરકારી વાહનો સામૂહિક રીતે ગ્રામ્ય સફાઈ કે ખેતીવાડીમાં ઉપયોગ જનતાને આવે એ રીતે થતો નથી અને પર્સનલ રીતે દૂર ઉપયોગ રાજકીય આગેવાનો અને તેના મળતીયાઓ કરી રહ્યા છે. તો જે બાબત વાસ્તવમાં સરકાર જે હેતુથી આ વાહનો આપવામાં આવેલ છે તેનો ઉપયોગ તાત્કાલીક રીતે જે તે ગામોની અંદર સરકાર ધ્વારા તપાસ કરાવી આ જાહેર મિલ્તનો સામૂહિક રીતે અને ગ્રામની સ્વૈચ્છા માટે વાહનોની કેટલા સમયથી આપવામાં આવેલ છે અને અત્યાર સુધી તેનો ઉપયોગ ખરેખર કયાં કરવામાં આવેલ છે અને ખાનગી રીતે ઉપયોગ અનઅધિકૃત રીતે થયેલ હોય તો તેના જવાબદાર સામે કાયદેસર પગલા ભરવા અંતમાં માંગ કરેલ છે.

પ્રતિકાત્મક તસ્વીર



## ૩ દિવસથી વિધર્મી યુવક સાથે દીકરી નાસી ગયેલ

# બાબરાનાં વાંડલીયા ગામનાં આધેડની દીકરી ઘરેથી ભાગી જતાં ઝેર ગટગટાવ્યુ

**ખડ બાળવાની ઝેરી દવા પી લેતા મોત નિપજયુ**

અમરેલી, તા. ૧૩

મધ્યપ્રદેશનાં વતની અને હાલ બાબરા તાલુકાનાં વાંડળીયા ગામે રહેતા કાળુભાઈ ઠાકુરભાઈ અજનાર નામના ૪૨ વર્ષિય આધેડની દિકરી છેલ્લા ત્રણેક દિવસથી કોઈ વિધર્મી છોકરા સાથે ભાગી ગયેલ હોય. જેથી તેણીની સતત ચિંતામાં આધેડને મનમાં લાગી આવતા ગત તા. ૧૧નાં આશરે ૧૧ વાગ્યે વાંડળીયા ગામે કનુભાઈ ભરવાડની વાડીએ પોતે પોતાની જાતે ખડ બાળવાની ઝેરી દવા પી જતાં કાળુભાઈનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## સાજીદભાઈ અબ્દુલભાઈ નામનાં વ્યકિતનાં

# ધારીનાં દલખાણીયા ગામે આવેલ રહેણાંક મકાનમાંથી દારૂની ૧૦૧ બોટલ ઝડપાઈ

**પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી**

અમરેલી, તા. ૧૩

ધારી તાલુકાનાં દલખાણીયા ગામે રહેતા સાજીદભાઈ અબ્દુલભાઈ નાયા નામના આરોપીએ પોતાના રહેણાંક મકાને ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ જેમાં ૭૫૦ એમએલ મોટી તેમજ નાની કાચની કુલ બોટલ નંગ–૧૫ કિંમત રૂપિયા ૨૪૮૦ તેમજ ૧૮૦ એમએલ લખેલ કાચની તેમજ પ્લાસ્ટિકની બોટલો નંગ–૬૮ કુલ કિંમત રૂપિયા ૭૮૦૦ તેમજ બીજી ૧૮૦ એમએલ લખેલ પ્લાસ્ટીકની બોટલ નંગ–૧૩ કિંમત રૂપિયા ૬૫૦ તેમજ બિયર ૫૦૦ એમએલ લખેલ પ્લાસ્ટીકની બોટલ નંગ–૪ કિંમત રૂપિયા ૨૮૦ એમ કુલ બોટલ નંગ–૧૦૧ની કુલ કિંમત રૂપિયા ૧૧,૨૧૦નો પ્રોહી મુદામાલ મળી આવેલ હોય. આરોપી પોતાના રહેણાંક મકાને હાજર નહી મળી આવતા પોલીસે તેમની શોધખોળ આદરી છે.

## સારથી સોસાયટીમાં સોલારનું કામ કરતાં હોય

# અમરેલીનાં દેવરાજીયા ગામનાં યુવકનું અગાસી ઉપરની સીડી પરથી પડી જવાથી મોત

**માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી મોત થયું**

અમરેલી, તા. ૧૩

અમરેલી તાલુકાનાં દેવરાજીયા ગામે આવેલ જયભગીરથ પ્લોટ વિસ્તારમાં રહેતા રજનીભાઈ કાંતિભાઈ ભાલુ નામના ૨૩ વર્ષિય યુવક ગત તા. ૧૨ નાં રોજ સાંજે ૪ વાગ્યે અમરેલીનાં કેરીયા રોડ પાસે આવેલ સારથી–૧ સોસાયટીમાં દિપેશકુમાર વલ્લભભાઈ કથીરીયાનાં ઘરે અગાસી ઉપર ઘોડા ઉપર ચડીને સોલારનું કામ કરતા હતા તે દરમિયાન ઘોડા ઉપરથી નીચે પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં રજનીભાઈ કાંતિભાઈ ભાલુનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


અમરેલીમાં ચિત્તલ રોડ ઉપર
મકાન વેચવાનું છે
અમરેલીનાં ચિત્તલ રોડ ઉપર આવેલ મકાન જેમાં ૪ બેડરૂમ, હોલ, કિચન, ફિકસ ફર્નીચર સાથેનું મકાન વેચવાનું છે.
સંપર્ક : 82006 38624

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાસક્રમો
BSC NURSING
MSC NURSING
ANM NURSING
GNM NURSING
PBBSC NURSING
BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: એડ્રેસ ::



















# આ મેરે શાહે -એ ખુદા.. આ મેરી જાને જનાના.. તુમ મેરે પાસ હોતે હો.. મુજે તુમ મિલ ગયે હમદમ. સહારા હો તો ઐસા હો.. જીધર દેખું ઉધર તુમ આજા રે.. આ જરા.. લહેરા કે આ જરા.. આંખો સે દિલ મે સમા ..આજા રે

**ફિલ્મી સફર (એક ઈતિહાસ)**

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ .. ૨૮૮, – ૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો ,**

૧૯૬૬ની સુપર હિટ ફિલ્મોમાં આજે વર્ષની પાંચવા નંબરની સુપર હિટ ફિલ્મની વાત કરીશું. જોય મુખર્જી ૧૯૬૦માં હિન્દી સિનેમામાં આવ્યા અને સફળ ફિલ્મ લવ ઈન સિમલા આપી, ત્યારબાદ લવ ઈન ..સિરીજમાં ૧૯૬૬માં જોયની ફિલ્મ લવ ઈન ટોકયો એ જબરી સફળતા મેળવી, ૧૯૬૮ બાદ જોયનો જાદુ ઓસરવા લાગ્યો, પણ તેઓ હિન્દી સિનેમામાં ચમકતા રહ્યા, ૧૯૭૩માં તેઓએ સફળતા મેળવવા લવ ઈન સિરીજને આગળ વધારવા જાતે જ નિર્માણ કર્યું, અશોક કુમાર, કિશોર કુમાર, વહિદા રેહમાન અને તેઓના અભિનયમાં ફિલ્મ લવ ઈન બોમ્બેની શરૂઆત કરી, પણ તે સમય મુજબ ફિલ્મ આગળના વધી અને જોય આર્થિક મુસીબતમાં ફસાયા, તેમના પર ૩૭થી વધુ કેશ થયા, પણ ૧૯૭૭ની રાજેશ ખન્ના અભિનીત છેલા બાબુનું નિર્દેશન તેમણે કર્યું અને ફિલ્મની સફળતાએ તેઓને થોડી રાહત આપી, પણ લવ ઈન બોમ્બે પૂર્ણ ના થઈ. જોયના નિધન બાદ તેના પુત્રએ આ ફિલ્મ ૨૦૧૩માં પ્રદર્શિત કરી, પણ સફળ ના રહી.

જોયની આ ફિલ્મ લવ ઈન ટોકયો જાપાનમાં ચિત્રિત થયેલ પ્રથમ ભારતીય ફિલ્મ બની, ત્યારબાદ ૧૯૬૮માં રાજેન્દ્ર કુમારની અમનનું શૂટિંગ પણ જાપાનમાં થયું, અને ત્યારબાદ ૯૦ના દસકમાં જાપાનમાં ફિલ્મનું શૂટિંગ થયું. જાપાન એક એવો દેશ જે બીજા વિ યુધ્ધમાં પાયમાલ થઈ ગયો, હિરોશીમાં અને નાગાસાકી માં ૬–૮–૪૫ના રોજ અણું બોમ્બથી જાપાન બરબાદીના આરે આવી ગયું, ટોકયો શહેરને અમેરિકાએ બોમ્બ ફેકીને તેની હાલત બગાડી




નાખી હતી. જાપાનનું ટોકયો શહેર ૧૬૦૩થી શહેર બન્યું, ત્યાં સુધી ત્યાં માછીમારો વધુ રહેતા હતા, જાપાનના અર્ધ વિનાશ બાદ જાપાની પ્રજા અને સરકારે વિજ્ઞાન અને ટેકનોલોજિમાં હરણ ફાળ ભરી, ત્યાંની પ્રજા મહેનત કરવામાં અગ્રેસર રહી, દેશ ભકિતની ભાવના જાપાનના દરેક નાગરિકમાં રગ રગમાં છવાઈ ગઈ, અને ૧૯૬૦ સુધીમાં એટલે કે માત્ર ૧૫ થી ૨૦ વર્ષમાં જાપાન સમૃધ્ધ બની ગયું. આઝાદીના ૭૮ વર્ષ બાદ જયારે આપણે હજુ બુલેટ ટ્રેનના સપના જોઈએ છીએ, ત્યારે ૧૯૬૪માં ટોકયોમાં બુલેટ ટ્રેન શરૂ થઈ ગઈ હતી. એક્સિલેટર, કલર ટી વી, ઊંચી ઉમારતો, સ્વચ્છતા જોવા મળતી હતી. વિનમ્રતા અને અથાગ મહેનતએ જાપાનની પ્રગતિનો પાયો હતો.

આપણે વાત કરી રહ્યા છીએ સંપૂર્ણ મનોરંજક ફિલ્મ લવ ઈન ટોક્યોની. આ ફિલ્મનું નિર્દેશન અને નિર્માણ પ્રમોદ ચક્રવર્તીનું હતું, વી કે મુર્તિની સિનેમા ઓટો ગ્રાફી, ધરમ વીરની એડિટિંગ, સચિન ભૂમિકની કહાની અને શૈલેન્દ્ર અને હસરતના કાવ્ય સાથે શંકર જયકિશનના મધુર અને યાદગાર સંગીત જેમાં રફી સાહેબ, લતાજી અને મન્ના ડેના મધુર સ્વરના ગીતો જે આજેપણ લોકપ્રિય છે, તે ફિલ્મમાં જોય મુખર્જી, આશા પારેખમાં શાહિદ, ધુમાલ, મોહન ચોટી, લલિતા પવાર, શોભા ખોટે, લતા બોજ, ઉલહાસ, અસિત સેન, મદન પૂરી, તરૂણ બોજ, મેહમુદ અને પ્રાણે અભિનય આપ્યો હતો. પ્રમોદ સાથે જોયની બીજી અને છેલ્લી ફિલ્મ હતી. ફિલ્મનું બજેટ ૬૫ લાખ અને નફો ૧.૭૫ કરોડનો થયો. ફિલ્મ સુપર હિટ રહી. ફિલ્મના શૂટિંગ દરમ્યાન આશાને ઊંચકી જોયને આગળ વધવાનું હતું, તે સમયે જોય આશાને ઉપાડી ના શકયા અને આશા પડી ગયા હતા. પણ ફિલ્મના શૂટિંગમાં આવું થતું હોય છે, જેથી કોઈને ખરાબ લાગ્યું ના હતું. આશાને જોયની સતત આ ચોથી સફળ ફિલ્મ હતી. ફિલ્મની કહાનીમાં પ્રણયની સાથે ક્રાઈમ પણ સમાવેલ છે. કથા ટૂંકમાં જોઈએ તો.

લલિતા એક ધનવાન મહિલા છે, જેનો મોટો પુત્ર જાપાન ગયા બાદ ત્યાંની યુવતી સાથે લગ્ન કરી લે છે, લલિતા તેના પુત્રથી નારાજ છે, થોડા સમયમાં તેનો પુત્ર અને તેની પત્ની એક બાળકને એકલો મૂકી આ દુનિયા છોડી દે છે. માતાનો સ્નેહ તે બાળકને ભારત લાવવા માંગે છે, અને લલિતા તેના બીજા પુત્ર જોયને ટોકયો તે બાળકને તેડી લાવવા મોકલે છે. જોય ટોકયો પહોચી તે બાળકને મળી, તે તેના કાકા છે તેમ કહી ભારત આવવા કહે છે, પણમાં. શાહિદ જે જાપાન છોડવા માંગતો નથી. બીજી તરફ આશા એક અમીર યુવતી છે, તેના પિતાની હયાતી નથી તો કાકા મદન તેના લગ્ન બદમાશ પ્રાણ સાથે કરવા માંગે છે, કારણ પ્રાણ સાથે લગ્ન કરાવી આશાને ખત્મ કરી તે દેલત બન્ને વહેચી લેવા માંગે છે. આશા ઘર છોડી દે છે, પ્રાણ આશાને શોધી લાવનારને ૫ હજાર ડોલરનું ઈનામ જાહેર કરે છે.

(૧૯૬૬માં એક ડોલર બરાબર ૪.૭૬ રૂપિયાથી ડોલર વધી ૭.૫૦ રૂપિયા થયેલ હતો.)

માં શાહિદ અને આશાની મુલાકાત થાય છે, અને બન્ને દોસ્ત બની જાય છે. આશાને દરેક ઈનામની લાલચે પરેશાન કરે છે, જેથી તે જોયના ઘરમાં માં. શાહિદની સાથે એક સરદાર બની રહે છે. જોય આશાને એક નૃત્ય કાર્યક્રમમાં જોઈ પસંદ કરી લીધેલ છે, હવે આશા એક જાપાની યુવતી બની જોયની નજીક આવે છે, અંતે જોયને આશા જ સરદાર અને જાપાની યુવતી છે તે ખ્યાલ આવી જાય છે, અને બન્ને પ્રેમના બંધને જોડાય છે. પણ જોયની માતા લલિતા જોયના લગ્ન લતા સાથે કરવા માંગે છે, જોયને ભારત આવવામાં મોડુ થતાં લલિતા, લતા અને લતાના પિતા ઉલહાસ પણ ટોકયો પહોચે છે, ત્યાં જોય અને આશાને સાથે જોઈ લલિતા જોય અને આશાના લગ્નની ના કહે છે, આશા પણ જોયને ખુશ જોવા માંગે છે , તે જોયના રસ્તેથી દૂર થવા પ્રયત્ન કરે છે, તેવામાં જોયને અકસ્માત થાય છે, અને કદાચ તેની આંખો જતી રહે તેવું લાગે છે, તો લતા અંધ સાથે લગ્નની ના કહે છે, અને આશા તેની




આંખો આપવા તૈયાર થાય છે, લલિતાને સમજાય છે કે લતા માત્ર રૂપિયાને ચાહે છે, તે આશા અને જોયના પ્રેમને સમર્થન આપે છે, જોય પણ તંદુરસ્ત બની જાય છે. પણ પ્રાણ અને મદન ગમે તેમ કરી આશાને મેળવવા માગે છે, તે માં. શાહિદને કેદ કરી આશાને પ્રાણ સાથે લગ્ન કરવા મજબૂર કરે છે, તે સમયે મદનને ખબર પડે છે કે, આશા તેની પુત્રી છે, તો તે લગ્ન કરવા દેવા માંગતો નથી, તો પ્રાણ તેની હત્યા કરે છે, પણ અંતે જોય ત્યાં આવી પ્રાણને ખત્મ કરે છે અને આશા અને જોયના લગ્ન થાય છે, અને પરિવાર ભારત પરત આવે છે.

અભિનેતા મહેમુદ હમેશા હીરોની સમકક્ષ ભૂમિકા મેળવતા હતા, અહી મહમુદ અને શોભાની પ્રેમ કહાની પણ સાથે સાથે ચાલે છે, શોભાના પિતા ધુમાલ શોભાના લગ્ન અસિત સેન સાથે કરવા માંગે છે, પણ મહમુદ ડુપ્લિકેટ અસિત સેન બની શોભા સાથે લગ્ન કરે છે, અહી મેહમુદે, દર્શકોને સુપર મેન બની આકાશમાં ઊડી, ખૂબ હસાવ્યા છે, તો રાજ કપૂરની રજા લઈ આ ફિલ્મમાં તેરે મન કી ગંગા ગીત પણ મેહમુદે રજૂ કર્યુ છે, મેહમુદ અને શોભાની જોડીની સાથે ધુમાલ, મોહન ચોટી અને અસિત સેન દર્શકોને હસાવે છે. આ ફિલ્મમાં આશા પારેખે પેહલી વાર એક પુરૂષ સરદારનું પાત્ર ભજવ્યું છે, સ્ત્રી દ્વારા પુરૂષના પાત્ર સૌ પ્રથમ ગીતા બાલીએ ભજવ્યું હતું. ગીતા બાલી અને શમ્મી કપૂરના લગ્ન ૧૯૫૫માં થઈ ચૂકયા હતા, પણ ૧૯૫૬ની ફિલ્મ જેમાં શમ્મી કપૂર હીરો હતા તે ફિલ્મ રંગીન રાતેમાં ગીતા બાલીએ પુરૂષનું પાત્ર ભજવ્યું હતું. જે દર્શકોએ પસંદ કર્યુ હતું. ગીતા બાલીએ લગ્ન બાદ પણ ફિલ્મોમાં કામ કરવાનું ચાલુ જ રાખ્યું હતું. શમ્મી કપૂરને સફળતા મળ્યા બાદ તેમણે ધીમે ધીમે ફિલ્મો ઓછી કરી હતી. અહી આશા એ એક સરદારનું પાત્ર ભજવી દર્શકોને હસાવ્યા છે.

ફિલ્મની સફળતામાં હસરત અને શૈલેન્દ્રના લખેલ ગીતો અને શંકર જયકિશનના મધુર સંગીતનો મુખ્ય ફાળો રહ્યો છે. જોય અને શમ્મીની સફળતા પાછળ રફી સાહેબના સ્વરનો નોધપાત્ર ફાળો રહ્યો છે. અહી રફી સાહેબે જોય માટે ..જાપાન .લવ ઈન ટોકયો ગીત રજૂ કર્યુ છે, જેમાં જાપાન અને ટોકયોના સૌંદર્યની સાથે તેના નામાંકિત જાણીતી જગ્યા પર શૂટિંગ થયું છે. તો આગામી વર્ષમાં શમ્મી કપૂર માટે રફી સાહેબ .ઈન ઈવનિંગ ઈન પેરિસ ગીત દ્વારા પેરિસના લાજવાબ દ્રશ્યોનું વર્ણન કરશે. રફી સાહેબના સ્વરમાં આ મેરે શાહે એ ખુદા, આ મેરી જાને એ જનાના ..ગીત લતા જીના સ્વરમાં પણ રેકોર્ડ અને આશા પર ચિત્રિત કરાયું છે. તો રફી સાહેબના સ્વરમાં .આજા રે ..આ જરા ..લહેરા કે આ જરા ..આંખો સે દિલ મે સમા ..આજા રે આ જરા ..આમાં રોમાન્સ શબ્દે શબ્દે છલકી રહ્યો છે. લતા જીના સ્વરમાં મુજે તુમ મિલ ગયે હમદમ, સહારા હો તો ઐસા હો .. અને કોઈ મતવાલા આયા મોરે દ્વારે .અંખિયો સે કર ગયા ..ગીત આજેપણ લોકપ્રિય છે. તો ફિલ્મનું યાદગાર ગીત સાયોનારા ..સાયોનારા ..વાદા નીભંગી સાયોનારા ..ગીત આજેપણ લોકપ્રિય છે, ભારતના લોકો સાયોનારા એટલે વરસાદ આવ્યો તેવું પહેલા સમજતા હતા, તેવું ઘણા મારા મિત્રોનું કહેવું હતું કે ગીત વરસાદનું છે, પણ સાયોનારા એટલે જાપાનમાં ફરી મળીશું અથવા આવજો એવો અર્થ થાય છે. ફિલ્મ સંપૂર્ણ મનોરંજક હિટ સાબિત થઈ. આગામી અંક માં પણ અભિનેત્રી આશા પારેખ જ છે, પણ હીરો શમ્મી કપૂર છે, આગામી અંકમાં શમ્મી અને આશાની સાથે આર ડી બર્મનની પહેલી સફળતા સાથેના ગીતો અને સંગીત સાથે સસ્પેન્સ થ્રીલર ફિલ્મ સાથે મળીશું.

# ॥ આંસુઓને તોરણે કવિતા લટકે, હૈયાની વંદના શૂળ થઈ ખટકે ! ॥

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

**પ્રિય કવયિત્રી બહેન**

મહાત્મા ટોલ્સ્ટોયના ગૃહત્યાગની કરૂણ કથા લખી રહ્યું છું. માનવજાત ઉપકાર કરે તેવું અદ્‌ભુત સાહિત્ય આપનારા આ મહાન સંતનું જીવન કેવું હતું. અને જીવનના પહેલો પડાવ અને છેલ્લો પડાવ વિશે ખુબ જ ટૂકમાં લખું છું. સાશા ટોલ્સ્ટોયની પુત્રી ડોકટર અને ટોલ્સ્ટોય મધરાતે ઘર છોડે છે સોફિયા જાગી ન જાય તેવી સંભાળ રાખી યાસ્નાયાનાં રેલ્વે સ્ટેશને પહોંચે છે. ટોલ્સ્ટોય રેલ્વે સ્ટેશને પહોંચ્યા ત્યારે અતિશય ઠંડી હત. કેટલાક આધારો પ્રમાણે તેઓ તેમના જાણીતા શિષ્યા મારીચાના મઠે જાય છે જે એક સાધ્વી છે. આ વખતે ટોલ્સ્ટોયને મોટી ચિંતા હતી કે સોફિયાને ખબર પડી જશે તો તે રેલ્વે સ્ટેશને દોડીને આવશે ઝઘડો કરશો પછી ઓસ્ટીન જવાના ડબામાં બેઠા ખૂબ ઠંડી હતી. મારીયા જે મઠમાં હોટલમાં રાત રોકાવાનું નકકી કર્યુ મારીયા આવી પુછતાછ કરી પરંતુ ટોલસ્ટોય એટલું જ બોલ્યા હું અહદ તારી સાથે થોડા દિવસ રહેવા આવ્યો છું બીજી કોઈ માહિતી આપી નહિ ચર્ચના નિયમ પ્રમાણે મારીયા સાથે રહેવાનું શકય ન હતું. આ વખતે ટોલ્સ્ટોયને પુષ્કળ શરદી, કફ હતા. ટોલ્સ્ટોયની આંખમાંથી આંસુ આવતા હતા. આશાએ આંસુ લુછી નાખ્યા પગ પાસે બેસીને આશા બોલી પાપા તમે ચિંતા ન કરો બધું ઠીક થઈ જશે. શી રીતે ઠીક થઈ જશે ? દીકરી હવે કશું પણ ઠીક ન થાય આશાએ પુછયુ ઘર છોડવાનો નિર્ણય તમે કેમ કર્યો આશાના માથા ઉપર હાથ મૂકી કહ્યું સાચું કહું ? આશા સોફિયા અને મારી વચ્ચે સાથે રહી જ શકાય એટલી હદે અણબનાવ હતો. અમારા બંનેના વિચારો જુદા હતા મારા વસિયતનામા વિશે સોફિયાએ અવિશ્વાસ કરીને એની નકલ શોધવા બે રાત સુધી ઘરમાં તપાસ કરી છે. આવા અવિશ્વાસ વચ્ચે કેમ રહેવાય ? ડોકટર પાસે ઊભા હતા. તેમણે પાણી આપ્યું. પછી કહ્યું આશા મારા મનમાં ભય હતો કે સોફિયા વીલ જોવા માગે તો હું એને ના ન કહી શકું. જો તે વિલ વાંચો તો તે શાંત રહેત નહિ વિલની વિગતો પૂછે તો મારાથી ખોટું બોલાત નહીં વધુ અસ્વસ્થ થયા શ્વાસ ચડયો માથુ ઢળી ગયુ છતાં બોલ્યા : આવું કંઈ થાય એ પહેલા એમાંથી બચવા માટે મારે રાતે જ ઘર છોડવું પડયું છે આ વાત કોણ સમજશે ? અને પછી ધ્રુસકે ધ્રુસકે રડી પડયા. રડતાં પિતાનો ચહેરો જોઈ આવ્યા પણ રડવા લાગી. ડોકટરે ટોલ્સ્ટોયને સુવરાવી દીધા. તાવ વધુ હતો આમ રાત પસાર થઈ સવારે આશાને કહ્યું આપણે અહીં રહી શકીશું નહિ અહીં આપણે હોવાની વાતની ખબર પડશે તો ટોલ્સ્ટોય ભયથી ધ્રુજતા હતા આશાએ કહ્યું આપણે હવે રશિયામાં કયાંય ન રહી શકીશું. મારો પતો મેળવી સોફિયા આવશે. હું હવે મારી જાતને સંભાળી નહિ શકું. રોષ્ટવ જઈએ તો ? આશાએ કહ્યું રોસ્ટવ શા માટે ? રશિયન સરકારની પાસપોર્ટ ઓફિસ છે કાનુની કાર્યવાહી કરવી હોય તે કરી લઈએ હવે વહેલી તકે ફ્રાંસ, જર્મની કે બ્રિટન જતા રહીએ ડોકટરે કહ્યું તમારી તબિયત વિદેશ જવા માટે અનુકૂળ નથી ટોલ્સ્ટોયે કહ્યું તમારી વાત સાચી છે તબીબી દષ્ટિએ વિરોધ નહિ કરૂ પણ અત્યારે મારૂ અહીં હોવું એને તબીબી શાસ્ત્ર કરતા વિશેષ સંબંધો બીજા શાસ્ત્રો સાથે છે. ટોલ્સ્ટોયે હવે હોટલમાં રોકાવા ઈચ્છતા ન હતા. ને તાવ હતો. ૧૦ ડીગ્રી ડોકટરને લાગ્યુ કે હોસ્પિટલે જવુ જરૂરી છે આગળ મુસાફરી કરવી શકય નથી હવે પછીના સ્ટેશને ઉતરી જઈએ સ્ટેશન માસ્તર સિગ્નલ આપવા બહાર આવ્યા ડોકટરે સ્ટેશન માસ્તરે પૂછયુ અમારે રાતવાસા અહીં કરવો છે ઓળખાણ આપી કાઉન્ટ લેવ નિકોલોયવીચ ટોલ્સ્ટોય તેમને તબીબી સારવારની જરૂર છે. માસ્તરને નવાઈ લાગી. આવો મોટો માણસ આવી હાલતમાં ? પોતાના ઘરમાં જ બધી વ્યવસ્થા કરી દીધી. સ્ટેશન માસ્તરે તમામ અખબારમાં તથા તમામ સ્થળે સમાચાર આપી દીધા. એસ્ટેપોલમાં સ્ટેશન માસ્તરનાં ઘરે ટોલ્સ્ટોય જીવન મરણનો જંગ લડી રહ્યા હતા. અખબારમાં હેડ લાઈનમાં સમાચાર છપાયા એટલે સોફીયાને ખબર પડી ગઈ કે હવે કયાં જવું ? મોસ્કોના વહીવટી તેમને વાત કરી ગર્વનરે ખાસ ગાડીની વ્યવસ્થા કરી દીધી. સરકારે મોકલેલા ડોકટરો પણ સારવારમાં લાગી ગયા હતા. ટોલ્સ્ટોયનો પુત્ર ચેર્ટકોવ પણ આવી ગયો. ટોલ્સ્ટોયના કપાળ ઉપર હાથ મૂકયો તેમણે જોયુ કે પપ્પાના ગાલ ઉપર આંસુના રેલા હતા પુત્રને જોઈને બોલ્યા મારા પાપોની સજા હું ભોગવી રહ્યો છું. પુત્રે કહ્યું કાઉન્ટ તમે જો પાપી હશો તો રશિયામાં કોઈ પુણ્યશાળી નહિ હોય હમણાં એક ડોકટરે મુત્યુનાં અનુભવ ઉપર લખ્યુ હતું. તેમના દર્દીને આ અંગે પુછયુ ત્યારે ઘણીએ કહ્યું કે છેલ્લી વિદાય વખતે ભૂતકાળની રીલ જોવા મળે છે કરેલ કર્મો યાદ આવે છે. (અપૂર્ણ)

# કમાણી પર દંડ, ખર્ચા પર ગુનો : ઈમાનદાર કરદાતા કયાં સુધી પીસાશે

**સૂત્રધાર**

ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા
મો. ૯૮૨૪૮ ૯૦૦૫૯ અમરેલી

આજે આપણે એક એવા સાંપ્રત સમયમાં જીવી રહ્યા છીએ જયાં મધ્યમ વર્ગનો પ્રામાણિક માણસ દેશ ચલાવવાનું સૌથી મોટું, મજબૂત અને મૂંગું એન્જિન બની ગયો છે. આપણે ઓફિસોમાં, ફેકટરીઓમાં કે કોર્પોરેટ જગતમાં આખો દિવસ લોહીનું પાણી કરીને મહેનત કરીએ છીએ, રાત–દિવસ જોયા વગર પરસેવો પાડીએ છીએ. પણ સાહેબ, મહિનાના અંતે જયારે સેલરી સ્લિપ કે કમાણીનો આંકડો હાથમાં આવે, ત્યારે આપણી મહેનતની કમાણી ઘરમાં આવે તે પહેલાં જ વ્યવસ્થા (System) પોતાની લાંબી આંગળીઓ ફેરવીને 'ઈનકમ ટેકસ'ના નામે એક બહુ મોટો હિસ્સો કાપી લે છે. એક પ્રામાણિક અને દેશભકત નાગરિક તરીકે આપણે એ ભોગ પણ હસતા મુખે આપી દઈએ છીએ કે ચાલશે, આ પૈસા દેશના સરહદો સાચવવામાં, રસ્તાઓ બનાવવામાં અને રાષ્ટ્રના વિકાસમાં કામ લાગશે.પરંતુ અસલી ક્રાંતિકારી અને હચમચાવી મૂકે તેવો કટાક્ષ તો ત્યાર પછી શરૂ થાય છે ! એ તમામ કાયદેસરના ટેકસ કપાયા પછી જે બચેલા વટાઉ પૈસા આપણા હાથમાં આવે છે, તેને જયારે આપણે બજારમાં પોતાના પરિવારની સામાન્ય જરૂરિયાતો પૂરી કરવા માટે ખર્ચવા નીકળીએ છીએ, ત્યારે આ આંધળી સિસ્ટમ આપણી સામે ફરીથી થાળી ધરીને ઊભી રહી જાય છે. તમે બાળકના દૂધનું પેકેટ લો, બીમાર મા–બાપ માટે દવા ખરીદો, હોટેલમાં જમો, કપડાં લો, ગાડી લો કે માથા પર એક નાનકડી છત (ઘર) લેવાનું જિંદગીનું સૌથી મોટું સપનું જુઓ દરેક ચીજ પર પાછો ડગલેને પગલે ૫, ૧૨, ૧૮થી લઈને ૨૮ ટકા 'જીએસટી' (GST) ચૂકવવાનો ! સવાલ એ થાય છે કે જે પૈસા પર એકવાર ટેકસ ભરાઈ ગયો છે, એ જ શુધ્ધ અને પ્રામાણિક પૈસા ખર્ચવા માટે ફરીથી ટેકસ શેનો ? શું આ દેશમાં ઈમાનદારીથી કમાવવું એ કોઈ મોટો ગુનો છે અને મધ્યમ વર્ગ તરીકે જીવવું એ કોઈ કાયમી દંડ છે ?સુવિધા વગરનું પ્રીમિયમ બજેટ અને લાચાર ટેકસપેયર આપણે ગ્લોબલ મંચો પર ગમે તેટલા ડિજિટલ ઈન્ડિયા કે મોટી આર્થિક મહાસત્તા બનવાના દાવા કરીએ, પણ જમીની વાસ્તવિકતા એ છે કે આ દેશનો ઈમાનદાર કરદાતા (Taxpayer) આજે સૌથી વધુ શોષિત વર્ગ છે. મોટા ઉદ્યોગપતિઓ માટે લોન માફી અને સબસિડીના આયોજનો થાય છે, ગરીબો માટે મફતની કલ્યાણકારી યોજનાઓનું બજેટિંગ થાય છે; પણ જે વચગાળાનો મધ્યમવર્ગીય માણસ આખી સિસ્ટમની તિજોરી પોતાના લોહી–પરસેવાથી ભરે છે, તેને બદલામાં શું મળે છે ? તૂટેલા અને ખાડાવાળા રસ્તા, કલાકો સુધીનો ટ્રાફિક જામ, સરકારી હોસ્પિટલોની લાચારી અને શાળાઓ–કોલેજોની આસમાને આંબતી મોંઘી ફી !આ વ્યવસ્થાના વાહિયાત અને બેવડા કંટ્રોલ (Double Controls) જુઓ સાહેબ ! તમે લાખો રૂપિયા ઈનકમ ટેકસ ભરો, પછી મહેનતની કમાણીમાંથી એક



ગાડી ખરીદો ત્યારે ૨૮% જીએસટી અને સાથે મોટો રોડ ટેકસ ભરો. હવે એ જ ગાડી લઈને જયારે તમે હાઈવે પર નીકળો, ત્યારે દર પચાસ કિલોમીટરે પાછો નવો 'ટોલ ટેકસ' ચૂકવવાનો ! આ વહીવટની કઈ નૈતિકતા છે ? પેટ્રોલ–ડીઝલ પર કેન્દ્ર અને રાજય સરકારો એટલી હદે ટેકસ વસૂલે છે કે માણસ ગાડી ચલાવે છે કે પોતાનું લોહી બાળે છે એ જ સમજાતું નથી. આપણી સિસ્ટમ પાસે કાગળ પર નિયંત્રણો અને કાયદાઓનો અંબાર છે, પણ જયારે સામાન્ય નાગરિકને ન્યાય, સુરક્ષા કે પાયાની સુવિધા આપવાની વાત આવે ત્યારે આખી વ્યવસ્થા લકવાગ્રસ્ત બની જાય છે.સાદગીનું ગળું ઘોંટતી આધુનિક મોહમાયા પેલા દિવસો યાદ કરો જયારે આપણા સૌરાષ્ટ્રના વડીલો કહેતા કે " જેટલી સોડ એટલી પથારી તાણવી."એ જમાનામાં લોકો સાદગીથી જીવતા, વહેવાર ચોખ્ખા રાખતા અને મનમાં શાંતિ હતી. આજે માણસ પર કાયદાઓ અને મોંઘવારીનો એટલો આર્થિક બોજ લાદી દેવામાં આવ્યો છે કે એ આખી જિંદગી માત્ર હોમ લોનના હપ્તા, ક્રેડિટ કાર્ડના બિલો અને ટેકસના સરવાળા–બાદબાકી કરવામાં જ ઘરડો થઈ જાય છે. બોલિવૂડની ફિલ્મોમાં કે સોશિયલ મીડિયા પર ભલે 'ખુશહાલ અને ચળકતા ભારત'ના ચિત્રો બતાવવામાં આવે, પણ સાચું પૂછો તો કરદાતાના મનનું ઓડિટ કોઈ નથી કરતું. એ માત્ર સવારે ટિફિન લઈને ઓફિસે નીકળે છે, લાઈનોમાં ઊભો રહે છે, ટેકસ ભરે છે, રાત્રે થાકીને સૂઈ જાય છે અને બીજા દિવસે સવારે પાછો એ જ ઘાણીના બળદની જેમ ચક્કરમાં જોડાઈ જાય છે.જો આ જ પરિસ્થિતિ રહી, તો આવનારી પેઢીમાં પ્રામાણિકતાથી કમાવવાનો અને દેશ માટે કંઈક કરવાનો જુસ્સો જ મરી પરવારશે. માણસ શોર્ટકટ અને અનૈતિક રસ્તાઓ શોધવા મજબૂર બનશે, કારણ કે તેને નરી આંખે દેખાઈ રહ્યું છે કે અહીં અસલી ઈમાનદારીની કિંમત માત્ર ડગલે ને પગલે લૂંટાવામાં જ ચૂકવવી પડે છે.આ આંધળી વ્યવસ્થા વચ્ચે મધ્યમ વર્ગ માટે ૪ ક્રાંતિકારી વિચારો :**૧. વાહવાહના ભ્રમ અને દેખાડામાંથી બહાર આવો :** સોશિયલ મીડિયાના ભપકા અને લોન પર મોંઘી ગાડીઓ કે લકઝરી ચીજો ખરીદવાની હોડ બંધ કરો. તમારી સાચી અમીરાત તમારા બચેલા પૈસા, તમારી બચત (SIP) અને માનસિક શાંતિ છે. સિસ્ટમને વધુને વધુ ટેકસ કમાઈ આપનારી માત્ર એક નિર્જીવ મશીન ન બનો.**૨. અધિકારો પ્રત્યે જાગૃત બનો :** જો આપણે પ્રમાણિકતાથી ટેકસ ભરીએ છીએ, તો તૂટેલા રસ્તા, નબળું વહીવટી તંત્ર કે ખરાબ સુવિધાઓ સામે કાયદાકીય અને નમ્રતાથી પણ મજબૂત અવાજ ઉઠાવતા શીખવું પડશે. આપણું મૂંગું મૌન એ નબળી વ્યવસ્થાનું સૌથી મોટું પીઠબળ છે.**૩. બૌદ્ધિક અને પાકું આયોજન :** સરકારી યોજનાઓ, રોકાણના સાધનો અને ટેકસના માળખાને બરાબર સમજીને કાયદેસર રીતે જયાં પણ મહેનતની કમાણી બચાવી શકાતી હોય તેનું પાકું પ્લાનિંગ કરો. પોતાની રાત–દિવસની કમાણીને વગર વિચારે ટેકસના ખાડામાં વહી જવા ન દો.**૪. સંસ્કાર અને આત્મનિર્ભરતાનું રોકાણ :** સંતાનોને માત્ર પૈસા કમાવવાનું અંધારૂં મશીન નબનાવો. તેમને નૈતિકતા, સાદગી, અને સાચા જ્ઞાનના પાઠ ભણાવો જેથી તેઓ ભવિષ્યમાં આ સડેલી સિસ્ટમના ગુલામ કે લાચાર મોહરા બનવાને બદલે પોતાના દમ પર નવો ઈતિહાસ રચી શકે.જિંદગી બહુ ટૂંકી છે સાહેબ, એમાં ટેક્સના આંકડા, જીએસટીના ફોર્મ અને રૂપિયાની આ આંધળી ભાગદોડ તો ાસ ચાલશે ત્યાં સુધી ચાલવાની જ છે. પણ ખરી જીત એ જ ગણાશે કે વ્યવસ્થાની આટલી સડેલી અને શોષણકર્તા નીતિઓ વચ્ચે પણ માણસ પોતાનું ખમીર, પોતાની સાહજિકતા, નૈતિક મૂલ્યો અને પોતાના પરિવારની સાચી ખુશીઓને અડીખમ રાખી શકે.છેલ્લે, આ બેવડી લૂંટ ચલાવતી વ્યવસ્થા પર આટલો જ આકરો સાહિત્યિક કટાક્ષ : છલ્લે, આ બેવડી લૂંટ ચલાવતી વ્યવસ્થા પર આટલો જ આકરો સાહિત્યિક કટાક્ષ : "કમાણી પર પણ નજર છે ને ખર્ચા પર પણ પહેરો છે સાહેબ, આ કેવો કાયદો છે જયાં ઈમાનદારનો જ ચહેરો ઉતરેલો છે !"

# 'સમજણ એ જ નારાયણ'

## લાગી થપાટ કાળની ત્યારે જ જાણ થઈ. જીવન–હવેલી રેતના પાયા ઉપર હતી !" – 'દિલહર' સંઘવી



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


વેકેશનમાં વોટરપાર્કમાં જવાનું થયું. મહેમાનો સાથે પ્રવેશ મેળવીને જુદી જુદી રાઈડસો વિ.નો લાભ લીધો. ઉનાળાની બપોરનો સમય હોવા છતાં જો તમે પાણી સાથે જોડાયેલા રહો તો તડકો લાગતો નથી ! કુદરતની કેવી કરામત ! પાણીમાંથી બહાર નીકળો એટલુ તુરંત જ અસહય તાપ લાગે ! શરૂઆતમાં જ એક વધારે પહોળાઈ ધરાવતી લસર પટ્ટી (સ્લાઈડ) ઉપર અમે પહોંચ્યા, તેની ઉપર સતત પાણીનો ફલો ચાલુ જ હોય એટલે લસરનાર વ્યકિતને વધારે ગતિ મળે. પાણી પણ તમે ડૂબી જાવ એટલું ઉંડું નહીં ગતિમાં છતાં પણ પાણીમાં જતાંની સાથે ઊભા થઈ જાવ, એટલે સાવ સરળતાથી આ લસરપટ્ટીનો લાભ લઈ શકાય. અમે બે ભાઈઓ સંપૂર્ણ સ્વસ્થ ચિત્તે પાણી નજીક આવે ત્યારે અટકી જવાનાં ઈરાદેથી લપસવાની પ્રક્રિયા શરૂ કરી, છેક લસરપટ્ટીનાં છેલ્લા પડાવ સુધી સઘળ જાણે ધાર્યા મુજબ જ કન્ટ્રોલમાં હતું પણ અમારી પાછળથી એક કદાવર ટીખળી બાળ પૂરપાટ વેગે ઉપરથી લપસ્યો પાછળ તો અમારૂ ધ્યાન જ ન હતું. એટલે તેણે એરોપ્લેનમાં જેમ ટાયરો ખૂલે તેમ પોતાનાં બન્ને પગ ખોલ્યાં અને તે જ જોરદાર કીક અમને લાગતાં અમે સીધાં જ પાણીમાં ખાબકયા જો કે ડૂબવા જેટલુ પાણી ન હોવા છતાં આ બધું એટલી ઝડપથી બન્યું કે તુરંત ઊભાં રહી જવાનું ભાન જ ન રહ્યું ! મોકો જ ન રહ્યો.

વાત હળવી, સરળ, હાસ્યાસ્પદ છે, છતાં જીવનભર અંદર અનેક મર્મ છૂપાયેલાં છે. માણસ જીવનભર અનેક અનેક મસુબાઓ, યોજનાઓ, અભરખાઓ કેળવે, આમ તો થવા જ નહીં દઈએ મને છેતરવો કાંઈ સહેલો છે ? હું સઘળું ધ્યાન હશે, હું આમ જ વર્તન કરીશ હું પરિસ્થિતિ ઉપર બરાબર લગામ રાખીશ, મને કોઈ છેતરી ન શકે, હું ઈચ્છીશ ધારી લઈશ ત્યારે સંજોગોને કન્ટ્રોલ કરી લઈશ ! લગભગ દરેક માણસનાં મનમાં આવા વિચારોનાં તરંગો આજીવન રચાતા રહેતાં હોય છે, અને એ જ પ્રવાહમાં માણસ જીવતો હોય છે, પણ જયારે કાળની (કે સંજોગોની) એક થપાટ લાગે ત્યાં સઘળું ચિત્ર બદલી જતું હોય છે, ટૂંકમાં અહિંયા કશું જ નિશ્ચિત નથી એ જ નિશ્ચિત છે !

**નવનીત**

**"ધૂળ ઢેફાનો એક ઢગલો છે, એ શહેનશાહનું મકાન હતું."**
**– દિલીપ જોશી**

# ॥ રામ જાય વન કરિ સુરકાજૂ, અચલ અવધપુર કરિહહિં રાજૂ ॥






પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.[illegible] (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)

થતાં મારો સામાન હોલમાં પોતાના રૂમ પાસેના ખૂણામાં મૂકાવ્યો. બે દિવસથી ઉપવાસ હતા. મને લગભગ બપોરે બે વાગે પૂજન માટે બોલાવી. તબિયત છેલ્લે જોયા તેનાં કરતાં ઘણી નરમ લાગી. મને પૂછયું. “રસેઈ કા સામન લાઈ હો ના ?” મેં હા કહી. ત્યારે આગળ કહ્યું. “દેખ, યહાં લંબા સમય રહના હૈ તો અભી તુમારે પાસ જે નાસ્તા હૈ ઉસસે ચલા લો. શામકો તુમારે લિયે રસોઈ ઘર બનવા દૂંગા. તુમ અપની રસોઈ વહાં બના લેના ઔર સોના યહીં પર હોલ મેં મેરે કમરે કે પાસ.” મે કહ્યું, ‘ ‘ભગવાન, આપને મુઝે પત્રમેં આનેકે લિયે ના લિખી હૈ ?” તો કહ્યું, “અરે નહીં, મૈં દો દિનકે બાદ અનંતપુર જા રહા હૂં. વહાં તુઝે બુલાઈથી. વહાસે મેરે સાથે લે આતા. પર ખેર ! અબ તો તુમ એ ગઈ.” હું ભગવાનને ધરાવવા માટે ઘરના બનાવેલા પેડા, સુખડી તથા મગજના લાડુ લઈ ગયેલી. તે ધરાવતા કહ્યું, “યહ ડિબ્બા અભી અપને પાસ રખો. દો દિન બાદ મૈં બહાર જાઉંગા તબ તુમસે માંગૂંગા.” બિહારના રાહત કાર્ય દરમ્યાન ભગવાને મિઠાઈ ન ખાવાનો નિયમ લીધેલો તે મને હજી ખબર ન હતી. બે દિવસ બાદ જતાં જતાં સામેથી માંગી લેતા ગયા.સાંજે પાંચ વાગે હોલની બહારની ઓસરીના એક ખૂણામાં મારા માટે તાલપત્રીથી રસોડું બંધાવવા માટે બેઠા હતા. સામે બેસીને આ કામ કરાવ્યું. કારણ જાણતા હતા કે પછી મને કે શુ જવાબ દેવાનું ? સામેથી થોડો તડકો આવતો હોવાથી એક માજી વારંવાર ભગવાનને અંદર પધારવા આગ્રહ કરતાં રહ્યા. પણ જાણે કે સાંભળતા ન હતા અને કામ પૂરૂં થયા બાદ જ ત્યાંથી ઉઠયા. તે માજી દ્વારા બહુ આગ્રહ થતાં એકવાર જરા ગુસ્સાના સ્વરથી કહ્યું, ‘ ‘તુમ્હેં ધૂપ લગતી હૈં તો તુમ જાવ. મેરે લિયે જે ઈતની દ્વેરસે આઈ હૈ ઉસકે લિયે કયા મેરા ઈતના ભી કર્તવ્ય નહીં કિ રસોઈ ઘર બંધવા દૂ ?” મારા માટે ઘાસલેટનો ડબ્બો વિગેરે કોઠારમાંથી મંગાવી આપ્યું. બીજા દિવસથી ત્યાં જ હું મારી રસોઈ કરી લેતી અને પૂજામાં ભગવાનને ભોગ લગાવી જમી લેતી આ બધા લોકોની દષ્ટિમાં હું, અમારો પરિવાર હલ્કા અને નકામાં ગણાતા. કારણ અમારી આર્થિક સ્થિતિ સાધારણ હતી. જે રીતે મને કોઈ જવાબ ન આપે કે મારૂ આગમન કોઈને ન ગમે તે રીતે મારા બાપુજી સાથે પણ શરૂથી શ્રીમંત શિષ્યો દ્વારા થતું. મારો સૌથી મોટો રામ ભરત ગુણગણત સપ્રીતી, નિશિ દંપતિહિં પલકસમ બીતી । અવગુણ ધનહીન પિતાની ધનહીન પુત્રી હતો. પરંતુ ભગવાનની સગુણું હાજરીમાં તો તેઓ પોતે ચાહે પછી બીજા શું કરી શકે ? બધું ધ્યાન પોતે જ રાખતા. તે જ દિવસોમાં આ માજીના પરિવારની કોઈ દીકરીની સગાઈ કયાંય ન થતી હોવાથી મારા ભાઈ માટે ભગવાન પાસે તેમનો ખૂબ આગ્રહ હતો. પરંતુ ભગવાને અમને કહેલું, “ઈસ. પરિવારમેં તુમ લોગેક કામ નહીં હૈ” અને અમારા તરફથી પોતે જ યોગ્ય જવાબ આપી દેતા. સમગ્ર પરિવાર પ્રત્યે ભગવાનની આ રીતે કૃપા સદાય રહી છે. “ પ્રણતપાલ કુટુંબ રઘુરાઈ” ખરા ને ?ભગવાનના આદેશ પ્રમાણે રાહતકાર્યમાં કોઈવાર પીરસવા, સાંજે બટેટા સુધારવા, તો કોઈવાર વોર્ડમાં થોડીવાર માટે જતી. મોટાભાગે ભગવાન પાસે રહેતી. તેમની અંગત સેવા મળવી મુશ્કેલ હતી. પરંતુ કયારેક કોઈને પત્ર લખવાનો તો કયારેક કોઈ એકાદ વ્યકિતનું ભોજન બનાવી આપવા જણાવતા. નેત્રયજ્ઞ તો લગભગ પૂરો થવા આવેલો. જનરલ દવાખાનું, સિવણના વર્ગ તેમ જ ભાઈઓ માટે ડ્રાઈવીંગ શીખવાડવાનું કાર્ય પણ ચાલતું હતું. સાથે સાથે ગૌ સેવા પણ ચાલુ કરેલી. થોડા દિવસો બાદ બા, બાપુજી પણ આવેલા. ગૌ સેવાનું કામ બાપુજી સંભાળતા હતા. ૯૭ની સાલમાં મુંગેરમાં સંત સંમેલન [illegible] વખતે ગૌ વધ બંધ કરાવવાના આંદોલનના પ્રસંગમાં પણ ભગવાને કહેલું, “યદિ ગૌ વધ બંધ કરના ચાહતે હો તો હરેક હિંદુકો જિસકે પાસ સુવિધા હૈ ઉન્હેં અવશ્ય ગૌ પાલન કરના હી ચાહિયે. સબકો યથાશકિત સહયોગ ભી દેના ચાહિયે. ગયા દૂધ દે યા ન દે ફિર ભી વહ અપની માતા હૈ. કયા મા વૃદ્ધ હોને પર ઉન્હે બેચ દોગે ?” ભગવાન બરાબર ગૌ પાલન વિષે લક્ષ આપી યોગ્ય વ્યકિતઓ પાસે આ કાર્ય કરાવતા રહેતા. આ સમયમાં એક વૃદ્ધ દાદા [illegible] ધનથી પોતાની અસમર્થતા વ્યકત કરતા કહેવા લાગ્યા, “ભગવાન, હું શું સેવા કરી શકું ? મને પણ કંઈ સેવા બતાવો” તેમને કહ્યું, “ ખૂબ રામ રામ કરે. જિસને રામનામ લિયા ઉસને ખૂબ કામ કિયા.”સખા પરમ પરમાથ એહુ, મન ક્રમ બચન રામપદ નેહૂ.એક ગૃહસ્થ પોતાના કૌટુંબિક મિલ્કતના ભાગમાં અન્યાય થયાની વિગત ભગવાનને કહેવા લાગ્યા ત્યારે કહ્યું, “હમારે હરિયાની અચ્છે રહે રામવચન ગુરૂ નૃપહિં સુનાયે, શીભ સનેહ સુભાવ સુહાયે । કોઈ ઝંઝટ હી નહીં. પીછે કુછ છોડા હી નહીં. સબ અપના અપના કમાવે ઔર અપના અપના ખાવે.” કોઈવાર નાની સરખી પણ સેવા બતાવતા તો તરત જ વિરોધ ઊભો થતો અને તેના પરિણામે મારા પ્રત્યે નારાજગી દેખાડવી પડતી. લગભગ રોજ અમુક બહેનોના વ્યકિત–ગત પૂજન બાદ છેલ્લે મને બોલાવતા અને જમવાનું શું બનાવ્યું વિગેરે પૂછપરછ કરતાં. એક દિવસ મેં થૂલી અને ભાજી બનાવેલી. રોજ સવારે લગભલ દસથી બાર પૂજા માટે દરવાજો બંધ થતા હું રસોઈ બનાવી જમી લેતી. તે દિવસે થુલીમાં મારાથી મીઠું વધારે થઈ ગયેલું. બારની આસપાસ બધાની પૂજા પતી જતાં રોજની જેમ મને બોલાવી પૂછયું, “આજ કયા બનાયા હૈ ?” મેં કહ્યું, “દલિયા” સહેજ હુસિને કહ્યું, “હાં, નમક જયાદા હો ગયા થા કર્યો ?” મેં કહ્યું, “ભગવાન, આપકે કેસ માલૂમ હુઆ ?” તો કહ્યું, “રોજ તુમ ભોગ લગાતી હો ના ? ફિર મુઝે માલુમ નહીં પડેગા ?”

આનન રહિત સકલ રસ ભોગી આ અલૌકિકતાને માયાવશ જીવ સ્વભાવે અનેકવાર અનુભવવા છતાં ભૂલી જતી.(૭૫) પ્રણવૌં સોઈ કૃપાલ રઘુનાથા રાહતકાર્યની હજી તો શરૂઆત જ હતી. ચોખાની ખરીદી માટે રાજકેટના વેપારિભાઈઓને ઓરિસ્સા તેમજ આંધ્ર મોકલાવેલા. ત્યાં ચોખા ન મળ તા તેઓ નિરાશ થઈને પાછા ફરેલા. તે દિવસે ભગવાને પોતાની તબિયત બગાડી. ખૂબ જ ખાંસી તેમ જ ઉલ્ટી થવાથી કાર્યકરે ગભરાઈ ગયા. ભગવાનને વિનંતી કરવા લાગ્યા, આપ મુંબઈ પધારે અને આરામ કરે. આપના આશીર્વાદથી આ કાર્ય ચાલતુ રહેશે ભગવાને કહ્યું, “મેરી બિમારી ચાવલ હૈ. ચાવલ મિલ જાને પર મેં ઠીક હો જાઉંગા,” આ સાંભળી કાર્યકરો વધારે વિચારમાં પડયા. બધાએ રામહિં રાઉ કહેઉ વન જાના, કીન્હ આપ પ્રિયપ્રેમ પ્રમાના । મળી કઈ રીતે આપણને જલ્દી અને વધારે ચોખા મળે તે હેતુથી શ્રીમતી ઈંદિરા ગાંધીને પત્ર લખવા વિચાર કર્યો અને ભગવાનની આજ્ઞા લેવા ગયા. ભગવાને કહ્યું, “લિખો” આજ્ઞા મળી છે તેમ સમજી ખૂબ વિચારપૂર્વક પત્ર લખાયો. અંતે ફરી ભગવાન પાસે સહી કરાવવા માટે તેઓ આવ્યા. ભગવાને પત્ર હાથમાં લઈ ફાડી નાખ્યો. બધા સ્તબ્ધ બની જોઈ રહ્યા. ભગવાન બોલ્યા, “ દેખો, કભી કિસીસે માંગના અપને સિધ્ધાંતસે વિરૂધ્ધ હૈ ઔર યદિ માંગે બિના રહા હી નહીં જાતા હૈ તો હજાર હાથવાલે સે માંગો. જો હજાર હાથ સે ઈતના ઉઠાકર દેગા કિ તુમ દો હાથસે સહલ ભી નહીં સકોગે. માંગ, માંગકે ઈનસે કયા માંગતે હો. ઈતના વિાસ રખો યદિ તુમ સચ્ચે મનસે નિસ્વાર્થ સેવા કર રહે હો તો કભી ભી રૂકાવટ નહીં આ સકતી. જાવ આંધ્ર ચલે જાવ. વહાંસે જરૂર ચાવલ મિલ જાયેંગે.” ખરીદી કરનાર ભાઈઓને આંધ્ર મોકલાવી ચોખા માટે ગોદામ તૈયાર કરવા કહ્યું અને સૂચના આપી કે “ ઐસા પકકા કામ કરના કિ એક દાના ભી બિગડને ન પાવે.” આવી બાબતમાં બહુ જ ચોકકસ હતા. આવા પ્રસંગે ભગવાનના શબ્દો સાંભળ્યા છે કે “દેશમેં અનાજકી કમી નહીં હૈ પરંતુ ઉસકો સમ્હાલને કી વ્યવસ્થા નહીં હૈ. કિતના અનાજ ચૂહે ખા જાતે હૈ, તિના ભીગ જાતા હૈ, કિતના સડ જાતા હૈ એર કિતના અનાજ અપની સીમાઓસે બાહર ચલા જાતા હૈ. આજ તો ઐસા હૈ સબકો સ્વાર્થ લગા હૈ હર કોઈ અપની રિત લેતે જાતે હૈ એર જાને દેતે હૈ એર કાગજોમેં સહી કર દેતે હૈ. હમને લિયા સો તુમ ભી લેના, ઈન ગધોકો જાને દેના ઐસી દશા હૈ દેશમેં. ઐસે દેશદ્રોહીયોં કો તો કડી સજા હોની ચાહિયે.”

દેશ માટે સદૈવ ખૂબ જ ચિંતીત રહેતા. એકવાર કોઈએ ભગવાનને કહ્યું, “બાબાજી, આપ વિશાંતિકે લિયે કુછ નહીં કરતે ?” ભગવાને કહ્યું, “અરે બાબા ! દો મિયાંકી દાઢીમેં આગ લગે તો પહલે કિસકી બુઝાવે ? પહલે ભારતકી શાંતિકા તો સોચુ બાદમેં વિશાંતિકા,”આ બાબતના જ અનુસંધાનને લગતો એક પ્રસંગ એકવાર કોઈએ ભગવાનને કહ્યું, ‘ ‘ગુરૂજી આપ આટલી શકિત ધરાવો છો, આટલો દેશ પ્રેમ છે તો તમે પોતે જ પ્રધાનમંત્રી કેમ નથી બની જતા.” ભગવાને કહ્યું, “અરે બાબા ! મુઝે નરકમેં ક્યોં ડાલતે હો ?”

# *॥ કામમાં ન આવે તેવી કમાણી–મેદસ્વિતા–૧૨ ॥*




ડો. ભાવેશ કે. મહેતા
મો.[illegible] e-mail:drbkmehtarmo@gmail.com

કામમાં ન આવે તેવી કમાણી–મેદસ્વિતા–૧૨

મેદસ્વિતા ધરાવતા લોકોની સૌથી મોટી સમસ્યા હોય છે ગમે તેટલો પ્રયત્ન છતા, પેટ આસપાસની ચરબી ઓછીનો થવી, ખાસ કરીને મેનોપોઝ સમયમાં અને ગર્ભાશયના (હિસ્ટેકટોમી અને સીઝેરીયન) ઓપરેશન પછી બહેનોમાં આ સમસ્યા ખુબ જોવા મળ છે, સમયના અભાવે ઘણીવાર આપણે કસરત માટે પુરતો સમય ફાળવી શકતા નથી તો ઓછા સમયમાં ખોરાકના



કંટ્રોલ સાથે એવી કસરતો કરવી કે જેથી પેટ આજુ બાજુની ચરબી ઓછી થાય જેની ચર્ચા આપણે આજે કરવાના છીએ.




પેટ પાસે જમા થયેલ ચરબી ઘટાડવા માટે જરૂરી કસરત અને આસનો : પેટની આસપાસ જમા થયેલ ચરબી સ્વાસ્થ્ય માટે સૌથી વધુ ખતરનાક ગણાય છે. પેટની ચરબી ઘટાડવી એ સ્વાસ્થ્ય અને સૌંદર્ય બન્ને માટે ખુબ અગત્યનું છે. પેટની ચરબી ઘટાડવા માટે સૌથી પહેલાં તો શરીરનું વધારાનુ વજન ઘટાડવું જરૂરી છે. વજન અને ચરબી ઘટાડવા માટે નિયમિત ૪૫ મિનિટ કસરત અને ખાવામાં સંયમ રાખવો જરૂરી છે. કુલ વજન ઘટવાથી આપો આપ પેટની આસપાસની ચરબી પણ ઘટવા જ માંડે છે.

જો શરીરનું કુલ વજન ઘટવા છતાં પેટની ચરબીમાં નોંધપાત્ર ફરક ન પડે અથવા પહેલેથી જ વજન નોર્મલ હોવા છતાં પેટનો ઘેરાવો વધ્યા કરતો હોય તો પેટની ચરબી માટેની ખાસ કસરત પર વિશેષ ધ્યાન આપવું પડે છે. પેટની આસપાસ જમા થયેલ ચરબીને ઘટાડવા માટે પેટના સ્નાયુઓની કસરતો અને આસનો કરવાં જરૂરી છે. પેટના સ્નાયુઓ પેટના અવયવોને આધાર અને રક્ષણ આપવાનું કામ કરે છે. પેટના સ્નાયુઓની નિયમિત કસરત ત્યાં ચરબીનો ભરાવો થવો અટકાવી શકે છે. અલબત આ બધી કસરતો વજન અને ચરબી ઘટાડવાના અન્ય પ્રયત્નો (દા.ત. ખોરાકની કાળજી અને ચાલવાની કે અન્ય એરોબિકસ કસરત) ની સાથે સાથે કરવી જરૂરી છે. માત્ર આ પેટ સ્નાયુઓની કસરત કર્યા કરો અને ખોરાક તથા ચાલવા પ્રત્યે બેદરકાર રહો તો ખાસ કોઈ ફાયદો થશે નહી. બીજુ, કોઈ પણ પ્રકારની બિમારી હોય તો ડોકટરની સલાહ મુજબ કસરત કરવી હિતાવહ છે. દરેક માણસનું શરીર કસરતને જુદા જુદા પ્રકારના પ્રતિભાવો આપે છે. એટલે કસરત કરતી વખતે કોઈ જગ્યાએ દુઃખાવો થવો ન જોઈએ. જયાર કસરત કરતાં દુઃખાવો થાય તો ત્યારે અટકી જઈને ડોકટરની સલાહ લેવી જરૂરી છે.

**પેટની ચરબી ઉતારવા માટે નીચેની કસરતો કરી શકાય :**

**૧) વોર્મઅપ :** કોઈપણ કસરત શરૂ કરતાં પહેલાં વોર્મઅપ એટલે કે કસરત માટે શરીરને તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવી. જોઈએ.

**(અ)** વોર્મઅપ માટે બંને હાથ અને પગને વારાફરતી દરેક સાંધામાંથી વાળીને સીધા કરવાની કસરત કરવામાં આવે છે.**(ઈ)** આ ઉપરાંત, બે પગ પહોળા રાખી, સીધા ઉભા રહીને પછી બંને હાથ જમીનને સમાંતર રહે એમ રાખી હળવે હળવે ધડને ડાબી તરફ ઘુમાવા થી ડાબો હાથ પાછળ જશે અને જમણો હાથ આગળ આવશે. ત્યારબાદ પૂર્વવત સ્થિતિમાં આવીને પછી ધડને જમણી તરફ ઘુમાવો. આ રીતે આંચકા વગર ચાર –




પાંચ ચખત કમ્મરને મરોડવાની વોર્મઅપ કસરત કરવી. **(ઈ)** ત્યારબાદ બંને હાથ ઊંચા કરીને શરીરને ઉપર તરફ ખેંચાણ આપવું અને પછી હાથ, માથું અને ધડ નીચે તરફ ઝુકાવવું, બંને હાથને બે પગની વચ્ચેથી નીચે તરફ જમીનને અડે ત્યાં સુધી લઈ જવા. આ દરમ્યાન પગનાં ઘુંટણ વળી જશે. હવે ફરી પાછુ આખુ શરીર સીધુ કરીને હાથ ઊંચા લઈ શરીરન ઉપર તરફ ખેંચો. આ રીતે ત્રણ થી ચારવાર વખત નીચા નમવાની કસરત કરો. **(ઉ)** હવે ફરી બંને હાથ કમર પર રાખી ધડને ડાબી તરફ ઝુકાવો, જેથી ડાબા હાથ નીચે જશે અને જમણો ઉપર, ધડ અને પગ એક જ સમતલમાં હોય અની કાળજી રાખી બંને બાજુ ત્રણ થી ચાર ચખત વારા ફરતી ઝુડો

**૨) સીટ અપ્સ :–** કઠણ સપાટી પર સુઈ જાઓ. ત્યારબાદ બંને પગને ઘુંટણથી વાળો જેથી પગની પાની સપાટી ઉપર ગોઠવાય. જો કોઈ પડે નહી એવી વસ્તુ (ટેબલ પલંગ) નીચે તમારા પગ (પાની ભેરવી શકાય તો




ઉત્તમ. હવે બંને હાથને માથાની પાછળ મેરવી દો. ઊંડોશ્વાસ ભરો. હવે શ્વાસ કાઢતાં કાઢતાં માથું અને ધડ ઊંચા કરો અને માથાને બે ઘૂંટણની વચ્ચે સુધી લઈ જાવ. ફરી પાછા શ્વાસ ભરતાં ભરતા




માથુ પથારી પર લંબાવી દો. આ રીતે પાંચક વખત સુવા – બેસવાની કસરત કરો.

**(૩) બેઠાં બેઠાં કરવાના આસનો : (અ) પશ્ચિમોત્તાનાસન :** બંને પગ ઘૂંટણમાંથી વાળ્યા વગર લાંબા રાખો. ઊંડો શ્વાસ લો. બંને હાથ વડે પગ વાળ્યા વગર પગના નળા, અંગૂઠા કે ઘૂંટી પકડવા પ્રયત્ન કરો વધારે પડતું જોર કરવું નહીં. ધીમે ધીમે શ્વાસ કાઢ તાં કાઢતાં માથું ઘૂંટણને અડાડવા પ્રયત્ન કરો, જરા પણ જોર કરવું નહી સહજતાથી જેટલું નમાય એટલું જ નમવું. **(ઈ) સુપ્ત – વજ્રાસન :** બંને પગ ઘુંટણમાંથી વાળીને, બંને પગના ઘૂંટીથી ઘૂંટણ સુધીભાગ જમીનને અડે એ રીતે, પગની પાની આકાશ તરફ રહે એમ રાખીને ટટ્ટા બેસો. પગના અંગૂઠા એકબીજાને અડે




અને એડી દૂર રહે એમ રાખો, બંને હાથ સીધા રાખી ઘુંટણ પર ગોઠવો. હવે ધીમે ધીમે કોણીના ટેકે ધડને પાછળ તરફ ઝુકાવો અને માથા નીચે હાથ




ગોઠવી સુઈ રહો.

**(ઈ) અર્ધમત્સ્યેન્દ્રાસન :** બંને પગ લાંબા કરીને બેસો. ડાબો પગ, ઘુંટણ આગળથી વાળી ડાબા પગનો પંજો જમણા કુલા નીચે મુકો અને પગના



પંજાને ડાબા પગના ઘૂંટણની ડાબી બાજુએ મુકો. હવે ડાબા હાથને જમણા ઘૂંટણની જમણી બાજુએ રાખીને પગનો અંગૂઠા પકડાવો. જમણા હાય પીઠની પાછળથી પસાર કરી ડાબા સાથળને પકડવા પ્રયત્ન કરો. મૂળ સ્થિતિમાં પાછા આવો. ઉપરની દિશા જમણો પગ વાળી ડાબા કુલા નીચે મૂકી ફરી કરો. આ ઉપરાંત મયુરાસન, યોગમુદ્રા વગેરે આસનો પણ શીખીને કરી શકાય. આ બધા આસનોથી પેટના સ્નાયુઓને



સકોચન થાય છે જે લાંબે ગાળે ચરબી ઘટાડવામાં મદદરૂપ થાય છે.

**(૪) ચત્તા સુઈને કરવાના આસનો :**

(અ) ઉત્તાનપાદાસન : ‘પીઠ ઉપર ચત્તા સૂઈ જાઓ. ‘શ્વાસ લેતાં લેતાં એક પગને ઘૂંટણમાંથી વાળ્યા વગર ઊંચો કરો. શ્વાસ રોકી રાખી છ થી આઠ સેકંડ પગને ઊંચો રાખો. ધીમે ધીમે શ્વાસ છોડતાં છોડતાં પગને જમીન પર મૂકો.‘હવે બીજા પગને ઊંચો કરો. પછી બંને પગને એક સાથે ઊંચા કરો.(ઈ) પવનમુક્તાસન ‘પીઠ ઉપર ચત્તા સૂઈ જાઓ. ઊંડા શ્વાસ લો.

‘એક પગ ઘૂંટણથી વાળીને પેટ તરફ ખેંચો.‘બંને હાથથી વાળેલો ઘૂંટણ પકડી પગને પેટની લગોલગ રાખો અને ઘૂંટણ છાતીને અડાડવા પ્રયત્ન કરો, હવે માથું ઊંચુ કરી વળેલા ઘૂંટણને અડાડો. ત્યાર બાદ બીજા પગથી અને પછી બંને પગથી આ આસન કરો.

**(ઈ)**મત્સ્યાસન : ‘પદ્માસનમાં બેસો ધીમે ધીમે કોણીના સહારે પદ્માસનની સ્થિતિમાં ચત્તા સૂઈ જાવ. ‘ત્યાર બાદ બંને કોણીનો ટેકો લઈ ધડ ઊંચું કરોઅને માથું પાછળ તરફ વાળો. કોણીના સહારે માથું જમીન સાથે



ટેકવી રાખવુ. બંને હાથની આંગળીઓથી પદ્માસનની સ્થિતિમાં રહેલ



પગના અંગુઠા પકડો.**‘ધીમે ધીમે ક્રમશ :** મૂળ (પદમાસન સાથે ચત્તા




સુવાની) સ્થિતિમાં પાછા આવો.

સર્વાંગાસન અને વિપરિત કરણી પણ ફાયદો કરે – – અલબત્ત કોઈ પાસે શીખીને કરવા હીતાવહ છે.

**(૫) ઉંધા સુઈને કરવાના આસનો :**

**(અ) શલભાસન :** ઊંધા સૂઈ જાઓ (પગની પાની આકાશ તરફ, દાઢી જમીનને અડેલી અને હાથ સીધા શરીરની બાજુમાં રાખવા) ધીમે ધીમે શ્વાસ લેતાં લેતાં, એક પગ ઘૂંટણ આગળ થી વાળ્યા વગર ઊંચો કરો. આ સ્થિતિમાં શ્વાસ રોકીને પગને શકય એટલો ઊંચો થોડો સમય રાખી મૂકો.શ્વાસ છોડતાં છોડતાં, પગ નીચે લાવો. ત્યાર બાદ બીજો પગ ઊંચો કરવો. પૂર્ણ શલભાસન માટે માટે બંને પગ એકસાથે ઊંચા કરવા

**(ઇ) ભૂજંગાસન :** ઊંધા સૂઈ જાઓ (બંને પગ ભેગા અને પાની આકાશ તરફ રહે, હાથના પંજા છાતીની બાજુમાં, કોણી વાળેલી અને શરીરની નજીક રહે એમ રાખવી. કપાળ જમીન પર ટેકવેલું રાખવું ) ધીમે ધીમે શ્વાસ લેતાં લેતાં કપાળ જમીન પરથી ઊંચકવું અને દાઢી જમીન પર ટેકવવી. હવે ગરદનને પાછળ તરફ વાળવી. હવે હાથના ટેકા વગર અથવા ખુબ ઓછો ટેકો લઈને કરોડરજ્જુના મણકાનો ઉપયોગ કરીને છાતીને જમીનથી અધ્ધર કરવી. નાભિ સુધીનો ભાગ અધ્ધર થાય ત્યાં સુધી કરવી અને પછી થોડીવાર માટે શ્વાસ થંભાવીએ સ્થિતિમાં અટકવું. ધીરેથી શ્વાસ છોડતાં છોડતાં પહેલાની સ્થિતિમાં આવી જવું. **(ઈ) ધનુરાસન :** ઊંધા સુઈ જાવ બંને હાથ કોણીથી સીધા, શરીરની બાજુમાં રાખો. ધીમે ધીમ શ્વાસ લેતાં લેતાં પગને ઘુંટણથી વાળી અને હાથને પાછળ ઊંચા કરી, ઘૂંટી પાસેથી પગને



પકડો. શ્વાસ લેતાં લેતાં છાતી અને માથું ઊંચા થાય એ રીતે હાથથી પગને ખેંચો જેથી ધનુષ જેવો આકાર થાય. થોડો સમય શ્વાસ રોકી રાખી, ધીમે ધીમે શ્વાસ છોડતાં છોડતાં મૂળ



સ્થિતિમાં આવી જાઓ.પેટની આસપાસની ચરબી ઓછી કરવાની કસરતો અને આસનો યોગ્ય માર્ગદર્શન હેઠળ નિયમિત કરવામાં આવે તો ફાયદો થાય છે. પેટની ચરબી વધી ગયા પછી આસન કે કસરત કરવાનું મુશ્કેલ પડે છે, પરંતુ ચરબી વધે જ નહી એ માટે આ આસનો અને કસરત કરવા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે,

# અધિક માસ : અધિક ગણના

**ડો. મિલીબેન ઠાકર - અમરેલી**

ભારતીય જયોતિષ શાસ્ત્ર એટલે કે વૈદિક જયોતિષમાં પુરૂષોત્તમ માસને “અધિક માસ” કે “મલ માસ” તરીકે ઓળખવામાં આવે છે. ધર્મશાસ્ત્ર, સિદ્ધાંત ગ્રંથો અને મુહૂર્ત ગ્રંથોમાં તેની ખગોળીય વ્યાખ્યા, ફળ અને નિયમો વિસ્તારથી આપેલા છે.જયોતિષના સિદ્ધાંત ગ્રંથો જેવા કે સૂર્ય સિદ્ધાંત, સિદ્ધાંત શિરોમણિમાં અધિમાસની વ્યાખ્યા આપી છે. “અસંક્રાન્તિમા સોટધિમાસઃ” એટલે કે જે ચંદ્ર માસમાં સૂર્યનું એક પણ રાશિ પરિવર્તન એટલે કે સંક્રાંતિ ન થાય તે અધિક માસ છે.સૂર્ય સિદ્ધાંત પ્રાચીનભારતીય ખગોળશાસ્ત્રનો સૌથી પ્રમાણભૂત અને મહત્વનો ગ્રંથ છે. આ ગ્રંથના ૧૪મા અધ્યાય “ માનાધ્યાય”માં શ્લોક ૬ થી ૮માં અધિમાસની સ્પષ્ટ વ્યાખ્યા આપી છે **:ભાનો : સંક્રમણાભાવે માસોધિક : પ્રકીર્તિતઃ” અર્થ :** જે ચંદ્ર માસમાં સૂર્યનું એક પણ રાશિ સંક્રમણ એટલે કે સંક્રાંતિ ન થાય, તે માસને અધિક માસ કહેવામાં આવે છે.સૂર્ય સિદ્ધાંત કહે છે કે એક સેર માસ ૩૦.૪૩૮૨ દિવસનો હોય છે, જયારે એક ચંદ્ર માસ ૨૯.૫૩૦૫ દિવસનો હોય છે. આ તફાવતને કારણે દર ૩૨ સૌર માસે લગભગ ૧ ચંદ્ર માસ વધારાનો થાય છે. આ વધારાના માસને જ અધિમાસ કહેવાય. ગ્રંથમાં સૌર વર્ષ અને ચંદ્ર વર્ષની લંબાઈ આપી છે. સૂર્ય સિદ્ધાંત મુજબ : – **સૌર વર્ષ :** ૩૬૫ દિવસ ૧૫ ઘડી ૩૧ પળ ૩૧ વિપળ ૩૬૫.૨૫૮૭૫૬ દિવસ – **ચંદ્ર માસ** : ૨૯ દિવસ ૩૧ ઘડી ૫૦ પળ ૮ વિપળ ૨૯.૫૩૦૫૮૮ દિવસ – **૧૨ ચંદ્ર માસ :** ૩૫૪.૩૬૭૦૫૬ દિવસ એક સૌર વર્ષ અને એક ચંદ્ર વર્ષ વચ્ચેનો તફાવત ૧૦.૮૯૧૭ દિવસ થાય છે. સૂર્ય સિધ્ધાંત કહે છે કે ૧૯ સૌર વર્ષમાં ૭ અધિમાસ આવે છે.

**ગણતરી :** ૧૯ ૨ ૧૦.૮૯૧૭ ૨૦૬.૯૪ દિવસ. ૭ ચંદ્ર માસ ૭ ૨ ૨૯.૫૩૦૫ ૨૦૬.૭૧ દિવસ. બંને લગભગ સમાન છે. આને “યુગ” પધ્ધતિ કહે છે.સૌર માસ ૩૦.૪૪ દિવસનો અને ચંદ્ર માસ ૨૯.૫૩ દિવસનો હોવાથી દર ૩૨.૫ સૌર માસે એક ચંદ્ર માસ વધારાનો થાય છે. આ વધારાનો માસ એટલે અધિમાસ. ૧૯ સેર વર્ષમાં ૭ અધિમાસ આવે છે. આ ગણતરી ઋતુ અને તહેવારોનો તાલમેલ જાળવવા માટે કરવામાં આવી છે. જો અધિમાસ ન હોય તો ૩૬ વર્ષમાં તહેવારો ઋતુથી છ મહિના દૂર ચાલ્યા જાય.સૂર્ય સિધ્ધાંત અને જયોતિષ શાસ્ત્ર બંનેમાં “ક્ષય માસ”નો પણ ઉલ્લેખ છે. જયારે એક જ ચંદ્ર માસમાં બે સંક્રાંતિ આવી જાય ત્યારે તે માસ ક્ષય થાય છે. ક્ષય માસ ૧૯ થી ૧૪૧ વર્ષના અંતરે આવે છે. ઈ.સ. ૧૯૬૩માં પોષ માસ ક્ષય થયો હતો. ક્ષય માસના વર્ષમાં બે અધિમાસ આવે છે. આ સૂક્ષ્મ ગણતરી ચોકસાઈ દર્શાવે છે.મુહૂર્ત ચિંતામણિ, ધર્મસિંધુ, નિર્ણયસિંધુ જેવા ગ્રંથોમાં અધિમાસને “ મલ માસ” કહ્યો છે. કારણ કે તેમાં સૂર્ય સંક્રાંતિ ન હોવાથી તે “મલિન” ગણાય છે. તેથી આ માસમાં માંગલિક કાર્યો વર્જિત માન્યા છે. વિવાહ, ગૃહારંભ, ગૃહપ્રવેશ જેવા નવા કાર્યની શરૂઆત માટે સૂર્યનું તેજ અને બળ જરૂરી છે. જે સંક્રાંતિ વગરના માસમાં જરૂરી છે. ઉપનયન સંસ્કારો માટે પણ શુધ્ધ માસ જરૂરી છે. પરંતુ નિત્યકર્મ, શ્રાધ્ધ, ગર્ભાધાન, જાતકર્મ, નામકરણ જેવા આવશ્યક કર્મોનો નિષેધ નથી.ધર્મશાસ્ત્રે અધિમાસને “મલ” કહ્યો, પણ પદ્મપુરાણ અને ભવિષ્યપુરાણે તેને ઉત્તમ બનાવ્યો. કથા છે કે અધિમાસ પોતાની મલિનતાથી દુઃખી થઈ ભગવાન વિષ્ણુ પાસે ગયો. ભગવાને તેને પોતાનું “ પુરૂષોત્તમ” નામ આપ્યું અને વરદાન આપ્યું કે આ માસમાં કરેલ જપ, તપ, દાન, સ્નાન અન્ય મહિનાઓ કરતાં અનેકગણું ફળ આપશે. તેથી જયોતિષમાં કહ્યું છે : “યત કૃતં પુરૂષોત્તમે, તદ્ અનન્ત ફલં ભવેત્” એટલે કે પુરૂષોત્તમ માસમાં જે કર્મ કરો તેનું ફળ અનંત થાય છે. તેથી જ તો આ માસમાં દાનના મહિમાનું પણ વિધાન છે.જયોતિષ શાસ્ત્ર પ્રમાણે અધિમાસમાં ચંદ્રનું બળ વધે છે, પરંતુ સૂર્યનું તેજ ન હોવાથી માનસિક ચંચળતા વધી શકે છે. તેથી મનને સ્થિર કરવા નામસ્મરણ, ધ્યાન કરવાનું કહ્યું છે. આ માસમાં જન્મેલ જાતક માટે વિશેષ પૂજા કરવાથી ગ્રહદોષ ઓછો થાય છે.ભારતીય જયોતિષ શાસ્ત્ર પુરૂષોત્તમ માસને માત્ર કાળગણનાની ત્રુટિ સુધારવાનું સાધન નથી માનતુ પરંતુ તેને આધ્યાત્મિક ઉન્નતિનો સુવર્ણ અવસર ગણે છે. ખગોળીય દ્રષ્ટિએ તે સૌર અને ચંદ્ર વર્ષનું સંતુલન છે, તો ધાર્મિક દ્રષ્ટિએ તે પાપક્ષય અને પુણ્યસંચયનો માસ છે. મુહૂર્ત માટે નિષિધ્ધ હોવા છતાં સાધના માટે ઉત્તમ હોવાથી તેનું નામ “ પુરૂષોત્તમ” સાર્થક છે. આમ આ પ્રસ્તુતિ વિજ્ઞાન અને ધર્મનો સુંદર સમન્વય સાધીને પુરૂષોત્તમ માસનું મહત્વ સમજાવે છે.

# જાફરાબાદ વિસ્તારમાં કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા બેઠક યોજાઈ



આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તથા પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતે જાફરાબાદ વિધાનસભા વિસ્તારના કોંગ્રેસનાં આગેવાનો અને કાર્યકરોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન સંગઠનને વધુ મજબૂત બનાવવા, કોંગ્રેસ પક્ષની વિચારધારાને જનજન સુધી પહોંચાડવા તેમજ લોકોના પ્રશ્નોને અસરકારક રીતે ઉઠાવવા અંગે કાર્યકરો સાથે ચર્ચા કરી જરૂરી સલાહ-સૂચનો આપ્યા હતા. મુલાકાત દરમિયાન બેરોજગાર યુવાનોના પ્રશ્નો, સરકારી ભરતી પ્રક્રિયામાં થતો વિલંબ, એસ.ટી. કંડકટર ભરતીના ઉમેદવારોની સમસ્યાઓ, નીટ સહિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકના મુદ્દાઓ, ખાનગી કંપનીઓમાં સ્થાનિક યુવાનોને પૂરતી રોજગારી ન મળવી અને ઓછા વેતનમાં કામ કરવું પડતું હોવાના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખેડૂતોને ખાતર, બિયારણ અને સિંચાઈ સંબંધિત પ્રશ્નો, ખેતીના વધતા ખર્ચ, પાકના પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોની મુશ્કેલીઓ, પશુપાલકોના પ્રશ્નો તેમજ ગ્રામ્ય વિસ્તારોના વિકાસના મુદ્દાઓ અંગે પણ કાર્યકરોએ રજૂઆતો કરી હતી. આ ઉપરાંત સતત વધી રહેલી મોંઘવારી, પેટ્રોલ-ડીઝલ અને ગેસના વધતા ભાવ, રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓમાં થયેલા ભાવવધારા, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રના પ્રશ્નો તેમજ સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો પર પડી રહેલા આર્થિકબોજ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ કંપનીઓમાં સ્થાનિક યુવાનોને રોજગારીમાં પ્રાથમિકતા આપવાના મુદ્દા અને લોકોના હિતના પ્રશ્નોને વધુ અસરકારક રીતે ઉઠાવવા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. પ્રતાપભાઈ દુધાતે કાર્યકરોને આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગામે-ગામ અને ઘરે-ઘરે પહોંચવા, લોકોના પ્રશ્નો સાંભળવા, કોંગ્રેસ પક્ષની નીતિઓ અને કાર્યક્રમોને જનતા સુધી પહોંચાડવા તેમજ સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે જરૂરી માર્ગદર્શન અને સલાહ-સૂચનો આપ્યા હતા. આ પ્રસંગે દાનુભાઈ ખુમાણ, દકુભાઈ બુટાણી, ટીકુભાઈ વરૂ, જે.ડી. કાછડ, ગાંગાભાઈ હડિયા, યુવરાજભાઈ વરૂ, ઉકાભાઈ પરમાર, ઘનશ્યામભાઈ શેખડા, નરેશભાઈ જાદવ, કાદરભાઈ જાડેજા, વિઠ્ઠલભાઈ સોલંકી, હિતેશભાઈ સોલંકી, લખમણભાઈ બાંભણીયા, પ્રતાપભાઈ સાખટ, રજાકભાઈ, ઉંમરભાઈ, ભાણાભાઈ જોગદીયા સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસનાં આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાતના અંતે આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને વધુ મજબૂત બનાવવા, જનતા વચ્ચે પક્ષની પહોંચ વધારવા અને લોકોના પ્રશ્નોને પ્રાથમિકતા આપી અસરકારક લડત ચલાવવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

### તાલુકામાં વિકાસ કાર્યોને ઝડપથી વધારવા માટે ખાલી જગ્યા ભરવી જોઈએ

## લ્યો બોલો : અમરેલી તાલુકા પંચાયત કચેરીમાં અર્ધોઅર્ધ કર્મચારીઓની જગ્યાઓ ખાલી

### તાલુકા પંચાયતનાં સદસ્યાએ ઉર્જામંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૧૩

અમરેલી તાલુકા પંચાયતમાં ૧૫ જેટલા કર્મચારીઓની ખાલી જગ્યા ભરવા માટે તાલુકા પંચાયતનાં સદસ્ય ભાવનાબેન સુખડીયાએ ઉર્જા રાજયમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકા પંચાયત ૭૨ જેટલા ગામો અને વિશાળ ગ્રામ પંચાયતો ધરાવતી મહત્વની તાલુકા પંચાયત હોય અને વિવિધ યોજનાકીય અમલવારી માટે આઝાદીથી તાલુકા પંચાયત ઓફીસ અંદર ૩૨ અધિકારી-કર્મચારીઓનું મહેકમ છે. જેમા સમયાંતરે વધારો કરવોએ વસ્તીનો વ્યાપ વધવાને કારણે મહેકમ વધારવું અત્યંત જરૂરી છે. મે ગત સામાન્ય સભામાં માંગેલ વિગત મુજબ તાલુકા પંચાયતની કુલ મહેકમ ૩૨ની સામે ૧૫ જગ્યાઓ ખાલી છે. જેમા ૧. મદદનીશ સિવિલ ઈજનેર ૧ જગ્યા, ૨. નાયબ ચિટનીશ ૧ જગ્યા, ૩. આંકડા મદદનીશ ૧ જગ્યા, ૪. સિનીયર કલાક (હિસાબી) ૧ જગ્યા, ૫. જુનીયર કલાર્ક (વહીવટી) ૬. જગ્યા., ૬. જુનીયર કલાર્ક (હિસાબી) ૧. જગ્યા, ૭. સિનિયર કલાર્ક એકા. ૧. જગ્યા, ૮. ગ્રામસેવક ખેતીવાડી ૩ જગ્યા.

આમ કુલ મળી તાલુકા પંચાયત હસ્તકના અલગ અલગ વિભાગોમાં ૧૫ જેટલી એટલે ૫૦% જેટલી જગ્યાઓ ખાલી હોય અને સરકારની અલગ અલગ યોજનામાં કામોનો વ્યાપ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વડપણ હેઠળ કેન્દ્ર-સરકાર અને મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના આગેવાનીમાં અનેક વિવિધ ગ્રામિણ વિસ્તારોને વિકાસના પંથે લઈ જવા માટે અનેક કલ્યાણકારી યોજનાઓના સુચારૂ રીતે અમલવારી માટે આ જગ્યાઓ તાત્કાલીક ભરાઈ તેમ કાર્યવાહી કરવા માટે અમરેલી તાલુકાના હિત માટે નિર્ણય લેવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવમાં વધારો**

વ્યાખ્યામાં કરોડો પરિવારનું ગુજરાન સરળતાથી ચાલે, જેટલો ઘર ખર્ચ થાય તેનાથી વધારે આવક થાય, પરિવારનાં બાળકો સારૂ અને સસ્તુ શિક્ષણ મેળવી શકે. તેવી જ રીતે સસ્તી અને સારી આરોગ્ય સેવા ઝડપથી સ્થાનિક સ્તરે મેળવીશકેતેહોવુંજોઈએમાત્ર જાહેરાતો કરવાથી વિકસિત થઈ જવાતું નથી.

આજે પેટ્રોલ-ડીઝલ-રાંધણગેસનાંભાવમાંસતતવધારોથતાં જીવન જરૂરી તમામ ચીજવસ્તુઓ શાકભાજી, અનાજ, દૂધ, ખાત્લ, કઠોળ , પાઠય પુસ્તકો સહિતની સાધન સામગ્રીનાં ભાવમાં ૫ થી ૧૫ ટકાનો વધારોથયોછે. ગરીબઅનેમધ્યમવર્ગીય પરિવારની આવકમાં વધારો થતો નથી અને ખર્ચમાં વધારો થતાં બચત કરવાનું તો ભૂલી જવાયું પણ જે બચત છે તેમાંથી પણ રકમ ઉપાડવાની ફરજ પડી રહી છે.

દેશમાં અંદાજિત ૩૫ કરોડ પરિવારમાંથી ૨૫ કરોડ પરિવારો માટે ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. સરકારે દર મહિને ૩૦૦ રૂપિયાનું અનાજ, ખેડૂતોને મહિને ૫૦૦ થી ૧૦૦૦ જેવી મામુલી રકમ આપીને ઉપકાર કરતી હોય તેવો ઢોંગ કરી રહી છે.

દેશનાં કરોડો પરિવારો આજે ૧૦ હજારથી વધુ કિંમતની કોઈપણ વસ્તુ રોકડેથી લઈ શકતા નથી. ટીવી, ફ્રિજ, બાઈક, મોબાઈલ માટે લોન લેવા મજબુર બની છે. ઘણા પરિવારો ઘરનું ગુજરાન ચલાવવા લોન લેવા મજબુર બન્યા છે. તો બાળકોનાં શિક્ષણ અને પરિવારમાં કોઈ બીમાર પડે તો પણ લોન લેવી પડે તેવી ગંભીર આર્થિક પરિસ્થિતિ જોવા મળી રહી છે.

વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતાં ભારત દેશમાં વિશ્વમાં સૌથી વધુ ગરીબો પણ છે તે અંગે કયારેય કોઈ ખુલાસો કરવામાં આવતો નથી.

### સામાકાંઠાના વોર્ડ નં. ૩ના ડ્રેનેજ પાણી રોડ ઉપર ચડયા

## જાફરાબાદ નગરપાલિકાની પ્રિ-મોન્સુન કામગીરી કાગળ ઉપર

### ડ્રેનેજ પાણી ફરી વળતા નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ



અમરેલી, તા. ૧૩

જાફરાબાદના સામાકાંઠા વોર્ડ નંબર ૩ કે જે તલાવડી વિસ્તાર તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં ડ્રેનેજ પાણી વગર વરસાદે નદી જેમ વહેતું રહેતું હોય છે. પરંતુ પાલિકાના સદસ્યો થી લઈને અધિકારીના ધ્યાન ઉપર આવતું નથી અહીંના રહીશો પાલિકાને સફાઈ વેરો ભરવા છતા પણ પાલિકા આ વિસ્તારમા કોઈ પણ પ્રકારની સફાઈ ઝુંબેશની કામગીરી હાથ ધરવામાં આવતી નથી ફકતને ફકત ફોટા પાડી અધિકારીને ઉંધા ચશ્મા પહેરાવી દેવામાં આવી રહ્યા છે. અહીં આજુબાજુમાં આવેલી ગટરો દરરોજ ઉભરાય રહી હોય પરંતુ નગરપાલિકા કોઈ પણ કર્મચારીઓ કે શેખી મારતાં સદસ્યો જોવા કે ડોકાવવા પણ આવતા નથી આવેતો ફકત એક બે ગટરો સાફ કરી ફોટા પાડી ચાલતી પકડી લેતા હોય છે. પરંતુ યોગ્ય કામગીરી કરવામાં આવતી નથી આ તલાવડી વિસ્તાર કે જયાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોય આ રોડમાં વગર વરસાદે નદી જેમ ડ્રેનેજ પાણી વહેતું રહેતું હોય છે. આ વહેતા ડ્રેનેજ પાણીમાંથી નાછુટકે મહિલાઓ સિનિયર સિટીઝન બાળકો દર્દીઓ આ ભરાયેલા ડ્રેનેજ પાણીના તળાવમાંથી ચાલવા મજબુર બન્યા પરંતુ જવાબદાર નગરપાલિકા કુંભકર્ણ નિંદ્રામાં હોય તેવું જોતા લાગી રહ્યું છે. અહીંની ગટરોની પાલિકા દ્વારા સાફસફાઈ ન થતી હોવાની અહીંના શહેરીજનો તથા રાહદારીઓ દ્વારા પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **જાફરાબાદનાં કડિયાળી ગામે**

યુવક રાત્રિના સમયે પોતાની પ્રેમિકાને મળવા માટે તેના ઘરે ગયો હતો. જોકે, આ દરમિયાન પ્રેમિકાના પરિવારજનો જાગી ગયા હતા અને યુવકને રંગેહાથ પકડી પાડ્યો હતો. દીકરી સાથેના પ્રેમ સંબંધથી નારાજ પરિવારજનોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો અને તેમણે ઉશ્કેરાઈને પ્રેમી રાજેશ બાંભણીયા પર લાકડીઓ અને ઘાતક હથિયારો વડે તૂટી પડીને ઢોરમાર મારવાનું શરૂ કર્યું હતું.પરિવારજનો દ્વારા કરવામાં આવેલા આ બેરહેમ અને જીવલેણ હુમલામાં યુવકને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં અસહ્ય પીડાને કારણે પ્રેમી રાજેશ બાંભણીયાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. હત્યાની આ ઘટના વાયુવેગે પ્રસરતા ગામ લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત જ પોલીસ પ્રશાસનને આ અંગે જાણ કરવામાં આવી હતી.ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક જાફરાબાદ પોલીસનો ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો કાફલો તાત્કાલિક અસરથી કડિયાળી ગામે દોડી ગયો હતો. પોલીસે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરીને મૃતક રાજેશના શબનો કબજો મેળવ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ અર્થે જાફરાબાદની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. હાલ પોલીસે કાવતરું રચીને હત્યા કરનારા યુવતીના પરિવારના આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને શોધખોળના ચક્રો ગતિમાન કર્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરા તાલુકાનાં ઘંટીયાણની ઘટના**

પગલે પાંજરા મૂકી માનવભક્ષી બની ગયેલી સિંહણ તેમજ બે બચ્ચાંને પકડી લેવામાં આવ્યા છે. અને સાસણ ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જયારે આ વન વિભાગ સામેની નીલડત હવે ગામડાઓ સુધી લઈ જવાશેઆ બનાવમાં મળતી માહિતી અનુસાર બગસરાના ઘંટીયાણ ગામમાં આવેલી પારસભાઈ સોજીત્રાની વાડીમાં ખેતમજૂર અર્થે રહેતા એક પરપ્રાંતિય પરિવારનો નાનો દીકરો દિનેશભાઈ નામનો ૭ વર્ષનો બાળક ગુરૂવારે સાંજે વાડી વિસ્તારમાં લઘુશંકા કરવા માટે ગયો હતો. ત્યારે અંધારાનો લાભ લઈ ઝાડીમાંથી અચાનક ધસી આવેલી બે બચ્ચાં સાથેની સિંહણે તેના પર હુમલો કયો હતો. અને બાળકને મોંમા દબાચી સિંહણ એક કી.મી. સુધી ઢસડી લઇ ગઇ હતી.

આ ઘટના સ્થળેથી એક થી દોઢ કિલોમીટર જેટલા અંતરે સિંહણ બાળકને ઢસડીને લઈ ગઈ હતી. ત્યારે આ બાળક બચાવવા માટે થઈ આજુબાજુનાં ખેતમજૂરો તથા ખેડૂતોએ હાકલા-પડકારા કરતા જેના પગલે સિંહણ બાળકને છોડી તેના બચ્ચાં સાથે નાસી ગઈ હતી. આ હુમલાને લીધે ગંભીર ઈજા થવાથી બાળકનું મોત નીપજયું હતું. આ બનાવ બગસરા પંથકના ઘંટીયાણ ગામની સીમની અંદર બનેલો હતો. પરંતુ આ સિંહણ બાળકને ઢસડીને વિસાવદર તાલુકાની હદમાં આવેલા શોભાવડલાની સીમમાં લઈ ગઈ હતી. બાળકના મૃતદેહને વન વિભાગ દ્વારા બગસરા સિવિલ હોસ્પિટલમાં પી.એમ. માટે ખસેડાયો હતો. આ વિસ્તારમાં સિંહ, દીપડાની અવરજવર છે, અગાઉ પણ આવા હુમલાનાં બનાવો બની ચૂકયા છે. આ બનાવમાં બાળકનાં મોતનાં પગલે ગામલોકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો હતો. ઘટનાના પગલે બાળકનાં પરિવાર તથા ગામલોકો દ્વારા મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કરી દેવાતા વન વિભાગ દ્વારા સમજાવટ આદરાઈ હતી. પરંતુ નિવેડો ન આવતા બગસરા હોસ્પટલમાં કોલ્ડ સ્ટોરેજ ન હોવાથી મૃતદેહને અમરેલી ખસેડાયો હતો.

મૃતક બાળકના પરિવાર તથા ગામ લોકો દ્વારા માગ કરાઈ છે કે, આ વિસ્તારમાં વન્ય પ્રાણીઓના હુમલાઓ અટકે તે માટે ઠોસ કાર્યવાહી અને કાયમી ઉકેલની ખાત્રી નહીં આપે ત્યાં સુધી મૃતદેહને સ્વિકારશું નહિં. ગ્રામજનોની માગણી મામલે વન વિભાગ દ્વીધામાં મુકાયું છે. તથા સમજાવટનાં પ્રયત્નો શરૂ રખાયા છે.

વન વિભાગ સામેની લડત આગામી દિવસોમાં ગામડાઓ સુધી લઈ જવાની તથા તમામ ખેડૂતોને આ લડાઈમાં જોડવા માટેની તૈયારીઓ પણ જોરશોરથી શરૂ કરી દેવામાં આવી છે. જેને લઈ વન વિભાગની મુશ્કેલીઓ વધી શકે તેમ છે.

આ અંગે વન વિભાગે જણાવ્યું હતું કે, બનાવના પગલે પાંજરા મૂકી માનવભક્ષી બની ગયેલી સિંહણ તેમજ બે બચ્ચાંને પકડી લેવામાં આવ્યા છે. અને હાલ તેમને સાસણ ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

## અવસાન નોંધ

**અમરેલી:** અમરેલીનાં રહેવાસી હુસામુદીનભાઈ ઈશુફભાઈ ત્રવાડી (ઉ.વ. ૮૭) તે બતુલબેનનાં શોહર તથા અલીહુસેનભાઈ ત્રવાડી, અજીતભાઈ તથા મહમદીભાઈનાં બાવાજી તથા ઈસ્માઈલજીભાઈ રાજભાઈ (મયુર) ના જમાઈ તે તા. ૧૩/૬/૨૦૨૬ ને શનિવારનાં રોજ અમરેલી મુકામે વફાત થયેલ છે.

મરહુમની ઝિયારતનાં શિપારા તા. ૧૫/૬/૨૦૨૬ ને સોમવારનાં રોજ સવારે ૧૧ કલાકે ઈશા મસ્જીમાં અમરેલી મુકામે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૭૫ | ૧૪૧૫ |
| ૨ | શિંગદાણા | ૧૫૦૦ | ૨૨૭૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૩૧૫ | ૧૬૬૫ |
| ૪ | તલ સફેદ | ૧૮૯૦ | ૨૫૧૦ |
| ૫ | તલ કાળા | ૨૧૨૫ | ૩૭૫૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૦૦૦ | ૨૨૮૦ |
| ૭ | બાજરો | ૪૨૦ | ૪૭૦ |
| ૮ | જુવાર | ૩૬૦ | ૧૦૩૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૧૦ | ૪૭૦ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૨ | મગ | ૧૨૨૫ | ૧૭૩૦ |
| ૧૩ | અડદ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| ૧૪ | ચણા | ૯૪૦ | ૧૧૫૦ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૦૫ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૪૩૦ |
| ૧૭ | કપાસ | ૧૦૦૦ | ૧૮૪૫ |
| ૧૮ | એરંડા | ૧૦૩૦ | ૧૨૮૫ |
| ૧૯ | જીરૂ | ૨૬૯૦ | ૩૭૧૦ |
| ૨૦ | ધાણી | ૨૩૦૦ | ૨૪૫૫ |
| ૨૧ | મેથી | ૧૧૫૦ | ૧૨૯૦ |
| ૨૨ | સોયાબીન | ૧૨૨૫ | ૧૩૭૦ |
| ૨૩ | કલોંજી | ૩૧૦૦ | ૩૧૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૩૩૦ |
| ૩ | શીંગ દાણા | ૧૪૦૦ | ૧૯૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૫૦ |
| ૫ | તલ કાળા | ૩૧૦૦ | ૩૭૨૫ |
| ૬ | જીરૂ | ૩૧૫૦ | ૩૮૧૩ |
| ૭ | કપાસ | ૧૪૫૦ | ૧૭૦૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૮૦૦ | ૧૦૬૨ |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ૧૩ | અડદ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૧૦૫૦ | ૧૧૭૦ |
| ૧૫ | દેશી ચણા | ૧૦૬૦ | ૧૧૩૦ |
| ૧૬ | તુવેર | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | ૧૨૭૦ |
| ૧૮ | મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૯ | ધાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ૨૦ | સોયાબીન | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૧ | કલોંજી | ૩૧૦૦ | ૩૩૫૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૮૨૪ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૨૫ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૬૦ | ૧૩૭૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૩૦ | ૨૩૯૦ |
| ૫ | તલ કાળા | ૩૦૧૫ | ૩૩૫૫ |
| ૬ | જીરૂ | ૨૯૯૦ | ૩૪૪૦ |
| ૭ | ચણા | ૧૧૩૦ | ૧૧૬૦ |
| ૮ | ઘઉં | ૪૬૦ | ૫૧૦ |
| ૯ | તુવેર | ૧૧૨૫ | ૧૨૯૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૨૦ | ૧૨૭૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૦ |
| ૩ | મેથી | ૯૦૦ | ૧૧૫૫ |
| ૪ | તુવેર | ૯૧૦ | ૧૨૬૫ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૦૫૧ |
| ૬ | તલ કાળા | ૧૨૦૦ | ૨૧૦૦ |
| ૭ | ધાણા | ૧૫૦૦ | ૨૪૦૫ |
| ૮ | શીંગફાડા | ૧૨૯૫ | ૧૫૫૫ |
| ૯ | મગ | ૧૫૭૭ | ૧૬૫૫ |
| ૧૦ | સોયાબીન | ૮૨૦ | ૧૩૬૫ |
| ૧૧ | તલ સફેદ | ૧૭૦૫ | ૨૩૫૦ |
| ૧૨ | શીંગ દાણા | ૧૮૧૫ | ૧૮૬૦ |
| ૧૩ | લસણ | ૮૭૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા સફેદ | ૯૦૦ | ૯૧૫ |
| ૧૫ | જુવાર | ૮૨૫ | ૮૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૦ | ૪૫૮ |
| ૩ | ચણા | ૧૧૨૦ | ૧૧૪૫ |
| ૪ | ધાણા | ૨૩૫૦ | ૨૩૮૦ |
| ૫ | મગ | ૧૧૭૯ | ૧૭૦૦ |
| ૬ | તલ સફેદ | ૨૨૭૫ | ૨૪૧૫ |
| ૭ | તલ કાળા | ૨૫૯૦ | ૩૪૫૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૧૭૫ | ૧૩૬૦ |
| ૯ | શીંગ દાણા | ૧૯૮૫ | ૨૧૨૦ |
| ૧૦ | કલોંજી | ૧૮૮૧ | ૨૮૦૦ |
| ૧૧ | સોયાબીન | ૧૨૭૫ | ૧૩૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૧૧ | ૧૨૮૨ |
| ૨ | તલ સફેદ | ૨૧૨૨ | ૨૪૦૦ |
| ૩ | તલ કાળા | ૨૭૫૩ | ૩૬૫૧ |
| ૪ | કપાસ | ૧૦૫૦ | ૧૬૧૧ |
| ૫ | બાજરો | ૩૪૦ | ૪૯૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૭૬ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૧૧૨૫ |
| ૮ | મકાઈ | ૪૨૫ | ૫૦૦ |
| ૯ | મગ | ૧૨૭૫ | ૧૭૧૫ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | તુવેર | ૧૨૦૧ | ૧૩૫૧ |
| ૧૨ | ચણા | ૧૦૦૧ | ૧૧૪૮ |
| ૧૩ | ધાણા | ૨૫૦૦ | ૨૫૦૦ |

### પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લામાં આજે યોજાશે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અને 'પ્રગતિપથ યાત્રા'

**જિલ્લાનાં વિકાસ કાર્યોનું પ્રદર્શન અને જનજાગૃતિ માટે વિશેષ કાર્યક્રમોનું આયોજન**

અમરેલી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વમાં સેવા, સુશાસન અને જનકલ્યાણના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજયભરમાં આયોજિત ''વિકસિત ભારત – વિકસિત ગુજરાત'' સંકલ્પ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં તા. ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ ''વિકસિત ભારત સંકલ્પ સંમેલન'' અને ''પ્રગતિપથ યાત્રા'' નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી અને કૃષિ, પશુપાલન, સહકાર તથા પ્રોટોકોલ મંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાશે.

કાર્યક્રમમાં રાજયના ઊર્જા અને કાયદો વિભાગના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયા, ધારાસભ્યઓ તથા જિલ્લાના અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. અમરેલીના શાંતાબા ઓડિટોરિયમ ખાતે બપોરે ૩ કલાકથી ''વિકસિત ભારત સંકલ્પ સંમેલન'' (પ્રબુદ્ધ નાગરિક સંમેલન) યોજાશે. સંમેલનમાં વિકાસના ૧૨ વર્ષની યાત્રા, જનકલ્યાણકારી યોજનાઓની સિદ્ધિઓ તથા વિકસિત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

જિલ્લામાં હાથ ધરાયેલા વિકાસલક્ષી પ્રકલ્પો, આધુનિક સુવિધાઓ અને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી જનસામાન્ય સુધી પહોંચાડવા માટે ''પ્રગતિપથ યાત્રા'' નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા દરમિયાન જિલ્લાના વિવિધ મહત્વપૂર્ણ વિકાસ પ્રકલ્પોની મુલાકાત લેવામાં આવશે.

આ યાત્રા કલાપી મ્યુઝિયમ / ભવાની ગાર્ડન, લાઠી, ડિસ્ટ્રિક્ટ સ્પોટર્સ સંકુલ, લાલાવદર, અમરેલી રેલ્વે સ્ટેશન, રાજમહેલ પેલેસ અને ટાવર, સરકારની સિદ્ધિઓની પ્રદર્શની, સિનિયર સિટિઝન પાર્ક, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ ધરાવતું માર્કેટિંગ યાર્ડ અને વિરાટ શેડ (એપીએમસી), અટલ સરોવર (ગ્રીન સ્પેસ ડેવલપમેન્ટ વિથ અર્બન ફોરેસ્ટ પ્રોજેકટ), સાવરકુંડલા, આંબરડી સફારી પાર્ક, ધારી ખાતે પૂર્ણ થશે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના નાગરિકો, યુવાનો, પ્રબુદ્ધ નાગરિકો, જનપ્રતિનિધિઓ તથા વિવિધ ક્ષેત્રના આગેવાનોને આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી વિકાસયાત્રાના સાક્ષી બનવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### બાબરા નજીક આવેલ

# ખંભાળા ગામે ૧૩૯ ગામ મેઘવાળ સમાજનુ નાત સંમેલન યોજાયુ

**નવા બંધારણ રચનાની દિશામાં નિર્ણય થયો**

બાબરા, તા. ૧૩

બાબરા તાલુકાના ખંભાળા ગામે ગત તા. ૭/૬/૨૦૨૬ના રોજ પાંચાળ, ખાડિયા, મોકાણી અને પરજ મેઘવાળ દલિત સમાજના ૧૩૯ ગામોના પ્રતિનિધિઓ અને આગેવાનોની ઉપસ્થિતિમાં ભવ્ય નાત સંમેલન સફળતાપૂર્વક યોજાયું હતું. સમાજમાં એકતા, સંગઠન અને સામાજિક સુધારણાના ઉદેશ સાથે યોજાયેલા આ સંમેલને સમગ્ર પરગણામાં નવી આશા અને ઉત્સાહનો સંચાર કર્યો છે.



છેલ્લા કેટલાક વર્ષોથી સમાજને એક મંચ પર લાવવા અને વિવિધ સામાજિક પ્રશ્નોના ઉકેલ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા, પરંતુ વિવિધ કારણોસર તે શકય બનતું નહોતું. અંતે ખંભાળા, ભડલી અને આસપાસના ગામોના આગેવાનોના ભગીરથ પ્રયત્નો અને અવિરત મહેનતના પરિણામે આ ઐતિહાસિક સંમેલન સફળતાપૂર્વક યોજાઈ શકયું હતું.ખંભાળાના ડો. બાબા સાહેબ આંબેડકર હોલની પવિત્ર ભૂમિ પર ૧૨ હૂંડા અને ૧૩૯ ગામોના આગેવાનો કોઈપણ પ્રકારના મતભેદ, રાગ–દ્વેષ કે વ્યકિતગત સ્વાર્થ વિના માત્ર સમાજની એકતા અને વિકાસના હેતુથી એકત્રિત થયા હતા. સંમેલનમાં સમાજના વિકાસ, શિક્ષણ, યુવા પેઢીના ભવિષ્ય, સંગઠન મજબૂત બનાવવા અને વિવિધ સામાજિક પ્રશ્નોના ઉકેલ અંગે ખુલ્લા મનથી ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી.

વિસ્તૃત અને ગહન ચર્ચાના અંતે ૧૩૯ ગામ મેઘવાળ સમાજ માટે નવું બંધારણ તૈયાર કરવાની દિશામાં સર્વાનુમતે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ માટે આગામી તા. ૫/૭/૨૬ના રોજ નાતના વડા મથક પાળીયાદ ખાતે જનરલ નાત મિટિંગ બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ દરમિયાન ૧૨ હૂંડાના આગેવાનોએ પોતાના વિસ્તારના ગામોમાં વ્યાપક પ્રચાર–પ્રસાર કરીને સમગ્ર ૧૩૯ ગામોના સમાજજનોને એક મંચ પર લાવવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો.

વકતાઓએ જણાવ્યું હતું કે આજના સમયમાં સમાજ એકતા એ વિકાસનું સૌથી મોટું શસ્ત્ર છે. સમાજમાં નાના–મોટા પ્રશ્નો અને મતભેદો હોવા સ્વાભાવિક છે, પરંતુ મોટું મન રાખીને એકતા, ભાઈચારો અને એખલાસના વાતાવરણનું નિર્માણ કરવું સમયની માંગ છે. ખાસ કરીને ભાવિ પેઢીના શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસ માટે સમાજે સંયુકત રીતે આયોજન કરી પ્રગતિનો માર્ગ પ્રશસ્ત કરવો જોઈએ.

સંમેલનની સફળતા બદલ ખંભાળા તથા આસપાસના ગામોના આગેવાનો અને સમાજના કાર્યકરોનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે નારણભાઈ જામબરવાળા, માણસુરભાઈ ખંભાળા, ધુડાભાઈ દાનાભાઈ ખંભાળા, રામભાઈ પીપરડી, માણસુરભાઈ વનાળા, દેવજીભાઈ ઉગામેડી, રમેશભાઈ ખાવડુ ગઢડા સહિત અનેક આગેવાનોએ ૧૨ હૂંડાના પ્રતિનિધિઓ વચ્ચે સંકલન સાધી સહમતિ સર્જવા માટે નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.


નાતના મંત્રી માણસુરભાઈ મકવાણાએ અખબારી યાદીમાં જણાવ્યું હતું કે આગામી તા. ૫/૭/૨૦૨૬ની પાળીયાદ ખાતે યોજનારી જનરલ મિટિંગને સમાજના દરેક વર્ગનો સહકાર મળી રહે અને સમગ્ર ૧૩૯ ગામનો મેઘવાળ સમાજ એકતાના સૂત્રમાં બંધાઈ અન્ય સમાજો માટે પણ પ્રેરણારૂપ ઉદાહરણ પૂરૂં પાડે તેવી અપેક્ષા છે. સમાજની એકતા, શિક્ષણ અને પ્રગતિના આ અભિયાનમાં સૌએ સક્રિય સહભાગી બની સફળતા અપાવવી જોઈએ.

### ૧૪ જૂન, ''વિશ્વ રકતદાતા દિવસ''

# જયારે તમે રકતદાન કરો છો, ત્યારે તમે માત્ર લોહી નથી આપતા, તમે એક આશા, એક જીવન, અને એક પરિવારને ખુશી આપો છો

અમરેલી, તા. ૧૩

દર વર્ષે ૧૪ જૂનનાં રોજ રકતદાતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. કાર્લ લેન્ડસ્ટેઈનર કે જે એબીઓ રકતસમુહ પ્રણાલી (એબીઓ બ્લડ ગ્રુપ સીસ્ટમ)નાં શોધક છે. આ માટે તેમને ૧૯૩૦નાં વર્ષનું નોબલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યું હતું. કાર્લ લેન્ડસ્ટેઈનરનો જન્મદિવસ ૧૪મી જૂન ૧૮૬૮ છે. વિને રકતદાનનું મહત્વ સમજાવવા વિ આરોગ્ય સંસ્થા વર્ષ ૨૦૦૭થી એમનાં જન્મ દિવસ (૧૪ જૂન)ને વિ રકદાન દિવસ તરીકે મનાવવાની શરૂઆત કરી. વિ રકતદાતા દિવસ મનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને રકતદાન અંગે જાગરૂત કરવાનો છે.લોકો સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કરશે તો બ્લડ બેન્કમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે, જેનાથી જરૂર પડવાપર દર્દીને સરળતાથી બ્લડ મળી શકે. રકતદાન કરવાથી કેટલાય લોકોને નવું જીવન આપી શકાય છે. દેશ–દુનિયામાં કેટલાય લોકો દરરોજ લોહીની ઉણપથી મૃત્યુ પામે છે. આ દિવસની ઉજવણીથી લોકોને સમજાવી શકાય છે કે રકતદાન કેટલું જરૂરી છે.




આજે દુનિયા ટેકનોલોજીની બાબતમાં ખૂબ જ આગળ નીકળી ગઈ છે. મેડિસીનની બાબતમાં પણ ઘણા–બધા સંશોધનો થયા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ થયો છે. અદ્યતન સાધનોની મદદથી ઝડપી અને ખૂબ જ સારી રીતે સારવાર કરી શકાય છે. આ બધુ હોવા છતાં પણ હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શકયું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજુ સુધી તેમાં સફળતા મળી નથી. તેના માટેનાં તમામ પ્રયત્નો વ્યર્થ સાબિત થયા છે. લોહી એ ફકત અને ફકત કોઈ રકતદાતા પાસેથી જ મેળવી શકાય છે. અને આ કારણથી જ લોહીની ખૂબ જ અછત ઊભી થાય છે.

સામાન્ય રીતે લોકો બીજાની મદદ કરવાનાં હેતુથી રકતદાન કરતા હોય છે અને તેમનું એક વખતમાં કરેલું રકતદાન એ ૩ અન્ય લોકોનો જીવ બચાવી શકે છે. એક સર્વે અનુસાર મોટા ભાગના લોકો જેમણે રકતદાન નથી કર્યું હોતું તેમનો રકતદાન અંગે અભિપ્રાય એવો હોય છે એમને કયારેય રકતદાન વિશે વિચાર્યું જ નથી હોતું. આનો મતલબ એ કે સમાજમાં હજું પણ રકતદાન અંગે જાગૃતિનો અભાવ છે. જો સમાજમાં રકતદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવે અને લોકોને રકતદાન અને તેની જરૂરિયાત તથા તેનાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવે તો એનાથી સમાજને ખૂબ જ મોટો ફાયદો થઈ શકે છે. આ બાબતે યુવાનોનું ધ્યાન કેંદ્રિત કરવાની તાતી જરૂરિયાત છે. કારણ કે યુવાનો રકતદાન માટે સક્ષમ હોય છે પણ જાગૃતતાનાં અભાવે યુવાનોને રકતદાન માટે પ્રેરી શકાતા નથી. હાલમાં જુદી–જુદી બ્લડ બન્ક દ્વારા કાલેજો અને મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં રકતદાન શિબિર યોજી યુવાનોને રકતદાન માટે પ્રેરિત કરવામાં આવે છે. જે ખૂબ જ આવકારદાયક પગલું છે. જે લોકો રકતદાન કરવા માંગતા હોય તેમના લોહીનો સૌપ્રથમ ટેસ્ટ કરવામાં આવે છે કારણ કે એ લોહી સુરક્ષિત છે કે નહિ તે ખૂબ જ અગત્યની બાબત છે. રકતદાન માટે મોટેભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બન્કમાં જઈને રકતદાન કરાતું હોય છે. આ સંજોગોમાં રકતદાન શિબિરમાં સલામત રકતદાન અંગેની પૂરતી વ્યવસ્થા કરવી જરૂરી છે. કેમ કે, કેટલીક વખત રકતદાતા બિનસલામત સોય કે તેવા કોઈ કારણથી ચેપી રોગનો ભોગ બની શકે છે. જો કે હવેના સમયમાં જાગૃતિનો ફેલાવો થતાં આવા કિસ્સા ખૂબ જ ઘટી ગયા છે. સમાજમાં કોઈ વિશિષ્ટ દિવસ, જન્મ દિવસ અથવા પ્રસંગની ઉજવણી પણ રકતદાન શિબિર દ્વારા કરવાનું ચલણ વધ્યુ છે. જે ખૂબ જ આવકાર્ય છે. આમ છતાં પણ સૌના સહિયારા પ્રયાસો હજું ઓછા પડે છે. જેમાં વધારો થાય અને જરૂરી સમયે રકત ન મળવાથી કોઈનું પણ મૃત્યુ ન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તે જ આદર્શ સ્થિતિ કહી શકાય.

**– મિત્તલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨૨૧૯૯૯)**

# સાવરકુંડલાનાં પત્રકાર ફારૂક કાદરીનાં ભત્રીજા મુસ્તુફાનુ BCAમાં ઉચ્ચ પરિણામ

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા મુસ્લિમ સમાજના અગ્રણી મહેબુભાઈ કાદરીના દીકરા મુસ્તુફા કાદરીએ પ્લાઝમા ઈન્સ્ટિટયૂટ ખાતે અભ્યાસ કરીને BCAના સેમેસ્ટર ૬માં જળહળતી સફળતા હાંસિલ કરી હતી ને ૮૧.૬૪ ટકા મેળવતા સમગ્ર મુસ્લિમ સમાજનું ગૌરવ વધાર્યુ છે. અમરેલી જીલ્લાના આજતકના પત્રકાર ફારૂક કાદરીના ભત્રીજા મુસ્તુફા કાદરીની શિક્ષણ ક્ષેત્રે સફળતાના સિધ્ધિ સર કરતા સરકાર સૈયદ મુનીરબાપુ કાદરીએ મુસ્તુફા કાદરીની શિક્ષણ પ્રત્યેની સંવેદનાની સરાહના કરી હતી જયારે સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજના પ્રમુખ ઈરફાન કુરેશી, ઉપપ્રમુખ ઈકબાલ ગોરી, યુનુસભાઈ કુરેશી (લાતીવાળા), એડવોકેટ ઝુબેર ચૌહાણ, ઉસ્માનખાન પઠાણ, યુસુફભાઈ કુરેશી, નાસીરભાઈ ચૌહાણ, રૂસ્તમ કાઝી, જાહિદભાઈ ચૌહાણ, અફઝલમિયા કાદરી, તાજુદીન કુરેશી, તેફીક કુરેશી, સોહિલ શેખ, આસિફ નાઝ હોટેલ, શફી જાદવ, આસિફમલેક (લારા તબેલો), ટી.ભાઈ મલેક, પ્રોફેસર ડો. અલ્તાફ રાઠોડ, ગુલઝાર રાઠોડ, મુસ્તાક જાદવ, એડવોકેટ નેશાદ કાદરી સહિતના મુસ્લિમ અગ્રણીઓએ અભિનંદન આપીને શિક્ષણક્ષેત્રે વધુ પ્રગતિના સોપાનો સર કરે તેવી અભિલાષાઓ વ્યકત કરી હતી.



# સાવરકુંડલાના પત્રકારનાં જીનવસંગિની ચંદ્રિકાબેન પાંધીનો આજે જન્મદિવસ

સાવરકુંડલા, તા. ૧૩

જીવનની દરેક કસોટીઓમાં ખભેખભા મિલાવીને સાથે ઊભા રહેવું એ જ સાચા પ્રેમ અને સમર્પણની વ્યાખ્યા છે. આજે એવા જ ત્યાગ અને મમતાની મૂર્તિ સમાન, બિપીનભાઈ પાંધીના ધર્મપત્ની શ્રીમતી ચંદ્રિકાબેન પાંધીનો જન્મદિવસ છે.

જિંદગીની અઘરી અને અણમોલ પળોમાં જેમણે સાથ નિભાવ્યો છે, અને જીવનના કપરા ચડાણોને જેમના સહયોગથી સરળતાથી સર કરી શકાયા છે, તેવા ચંદ્રિકાબેનને આજે આખો પરિવાર આદર પાઠવી રહ્યો છે. ઘરને માત્ર ચાર દીવાલો નહીં, પણ પોતાના અનેક ભોગો આપીને એક હર્યું–ભર્યું 'નંદનવન' બનાવવામાં તેમનો સિંહફાળો રહ્યો છે.આ સુખદ અવસરે બિપીનભાઈ પાંધી હૃદયપૂર્વક પ્રાર્થના કરતા જણાવે છે કે, જેમ ભૂતકાળના તમામ વર્ષો પ્રેમ અને સાથ–સહકારમાં વીત્યા છે, બસ તેમજ જીવનનો બાકીનો શેષ સમય પણ પરસ્પરના સાનિપ્રયમાં હસતાં–હસતાં પસાર થઈ જાય. તેવી સુપુત્ર પ્રિયંકભાઈ પુત્રવધૂ રશ્મિતાબેન, પૌત્રી લાડકડી ધાર્વિ, સુપુત્રી ડિમ્પલબેન, જમાઈરાજ જતીનભાઈ, દોહિત્રી જૈનીબેન, દિયર મુકેશભાઈ, દેરાણી આશાબેન, નણંદ સોનિયા, રૂપા, આરતી, નણદોઈ મુકેશકુમાર, પંકજકુમાર, ધર્મેશકુમાર સમેત પાંધી પરિવારના તમામ સભ્યો પરમ કૃપાળ પરમાત્મા સમક્ષ તેમના દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને સદાય પ્રફુલ્લિત રાખે એવી જ ઈર ચરણોમાં પ્રાર્થના કરે છે. સાથે સાથે જન્મદિવસની અનંત શુભકામનાઓ ! ચંદ્રિકાબેનને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ !



# ભાવનગરનાં વિદ્યેશ્વર મહાદેવ મંદિરે મહિલા મંડળ દ્વારા વિષ્ણુપુરાણ કથા યોજાઈ



ચિતલ, તા. ૧૩

ભાવનગરના વિધ્યેશ્વર મહાદેવના મંદિરે ભાવનગર કન્ઝયુમર કોર્ટના જજ ડો. પ્રતિજ્ઞા ત્રિવેદી અને તેમના મહિલા મંડળ દ્વારા ''વિષ્ણુપુરાણ કથા''નું ભવ્ય આયોજન થયુ સમગ્ર ત્રિવેદી પરિવારના પિતૃ કલ્યાણ તેમજ વિશ્વ કલ્યાણ અર્થે પુરાણકથાનું સુંદર આયોજન કથાની વ્યાસપીઠ ઉપર ભાવેશગીરી ગૌસ્વામી બાપુએ પોતાની ધાર્મિક અને અને રસાળ શૈલીમાં કથાનુ રસપાન કરાવ્યુ હતું. આ કથાના સફળ આયોજન બદલ બ્રહ્મકાંતિ સંઘના ભાઈઓ વિધ્યેશ્વર મહાદેવ મહિલા મંડળ સહિતના સહકાર બદલ દરેકનો આભાર વ્યકત કરાયો હતો. ભાવનગરની ધર્મપ્રેમી મહિલા શ્રોતાઓએ બહોળી સંખ્યામાં હાજર રહીને કથા શ્રવણનો લાભ લીધો હતો ખાસ અમરેલી (ચિત્તલ)થી પધારેલ પત્રકાર હર્ષદ ત્રિવેદી તથા રેખાબેન ત્રિવેદી દ્વારા હાજર રહી ત્રિવેદી પરિવારની દિકરી ડો. પ્રતિજ્ઞાબેન તથા વકતા ભાવેશગીરી ગૌસ્વામી તેમજ નાનીઅનામી દરેક સંતોનું યથોચિત સન્માન કરી આભારની લાગણી વ્યકત કરાઈ હતી તેમજ પરિવારની દિકરી ડો. પ્રતિજ્ઞાબેન ત્રિવેદીએ કરેલ આ ભવ્ય સેવાકાર્ય બદલ ગૌરવ વ્યકત કર્યુ હતું.

# અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા લીલીયા પંથકમાં કિસાન ગોષ્ઠી યોજાઈ



અમરેલી, તા. ૧૩

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા તા. ૧૦ જુન, ૨૦૨૬ના રોજ લીલીયા તાલુકાના મોટા લીલીયા ગામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી તથા ક્રિષ્ના ક્રેડિટ કો–ઓપરેટીવ સોસાયટી લી.ના સંયુકત ઉપક્રમે કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું. આ ગોષ્ઠીમાં મુખ્ય મહેમાન તરીકે ભાવનાબેન ગોંડલીયા, અધ્યક્ષ, ધારી એગ્રી.પ્રોડયુસર અને પ્રોસેસિંગ કો ઓપરેટીવ સોસાયટી લી. (FPO), ચેરમેન, ભાગ્યલક્ષ્મી મહિલા ક્રેડિટ કો.ઓ.બેંક, ડીરેકટર, NSUI તથા અરૂણભાઈ પટેલ, વા. ચેરમેન અમરેલી જીલ્લા મધ્યસ્થ સહ. બેંક સાથે સાથે કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. મિનાક્ષી કે. બારીયા, વિષય નિષ્ણાંત ડો. સ્વેતાબેન પટેલ, કૃષિ સંશોધન કેન્દ્રમાંથી મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડો. એન.એમ. કાછડિયા તથા ડો. કે. એફ. સતાશીયા અને મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ તથા બહેનો હાજર રહ્યા. પ્રોગ્રામની શરૂઆતમાં ક્રિષ્ના ક્રેડિટ કો–ઓપરેટીવ સોસાયટી લી.ના ચેરમેન, નીતિન ત્રિવેદી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું, ત્યારબાદ અરૂણભાઈ પટેલે ખેતીની આધુનિક પદ્ધતિઓ ખેડૂતોએ અપનાવવી જોઈએ એ વિશે વાત કરી. ભાવનાબેન ગોંડલીયાએ ખેડૂતોને ટકાઉ કૃષિ માટે કૃષિમાં વૈજ્ઞાનિક ટેકનોલોજી અપનાવવા પ્રેરિત કર્યા. ડો. મિનાક્ષી કે. બારીયા દ્વારા જમીન અને પાણીના પૃથ્થકરણ વિશે, સંતુલિત અને સંકલિત ખાતરનો ઉપયોગ કરવા તથા પ્રાકૃતિક ખેતી અપનાવવા વિશે માર્ગદર્શન આપ્યું.

### વર્ષો જૂની લોકસમસ્યાનું નિરાકરણ

# સાવરકુંડલા : ૧૫ વર્ષથી ચાલતી ગટર લાઇનની સમસ્યા હવે થશે ભૂતકાળની વાત

**ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે નવી ગટર લાઇનના કામનું ખાતમુહૂર્ત**



સાવરુંડલા, તા. ૧૩

સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયત્નોથી આજરોજ સાવરકુંડલા શહેરના વોર્ડ નં. ૩ અને ૮ના નાગરિકો માટે વર્ષોથી માથાનો દુખાવો બનેલી ગટર લાઈનની ગંભીર સમસ્યાના કાયમી નિરાકરણ તરફ આજે એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. જેસર રોડ સ્થિત સરદાર પટેલ સોસાયટી ખાતે નવી ગટર લાઈનના વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત સાવરકુંડલા–લીલિયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.આ વિસ્તારમાં છેલ્લા અંદાજે ૧૫ વર્ષથી ગટર વ્યવસ્થાની સમસ્યા યથાવત રહેતાં સ્થાનિક રહેવાસીઓને વારંવાર ગટર ઉભરાવા, ગંદકી ફેલાવા અને સ્વાસ્થ્ય સંબંધિત અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. અનેક રજૂઆતો અને માંગણીઓ બાદ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સતત પ્રયત્નો, માર્ગદર્શન અને વિકાસલક્ષી અભિગમના પરિણામે હવે આ મહત્વપૂર્ણ લોકપ્રશ્નના કાયમી ઉકેલ માટે વિકાસ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે.નવી ગટર લાઈનનું કાર્ય પૂર્ણ થતાં વોર્ડ નં. ૩ અને ૮ના વિસ્તારોમાં સ્વચ્છતા અને આરોગ્યની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થશે. સાથે જ વરસાદી ઋતુ દરમિયાન ઉભી થતી મુશ્કેલીઓમાં ઘટાડો થશે અને સ્થાનિક રહેવાસીઓને વધુ સારી નાગરિક સુવિધાઓનો લાભ મળશે. આ વિકાસ કાર્ય વિસ્તારના સર્વાંગી વિકાસને નવી દિશા અને ગતિ આપનાર સાબિત થશે.ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, તમામ સભ્યો, વિવિધ સેલ અને મોરચાના હોદેદારો, શકિત કેન્દ્રના સંયોજકો, બુથ કાર્યકરો, સ્થાનિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં વિસ્તારના રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનો અને નાગરિકોએ વિકાસ કાર્યને આવકારી ધારાસભ્યના વિકાસલક્ષી પ્રયાસોની પ્રશંસા કરી હતી.સ્થાનિક લોકોએ વર્ષો જૂની સમસ્યાના નિરાકરણ માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા નગરપાલિકાનો આભાર વ્યકત કર્યો હતો અને જણાવ્યું હતું કે આ કાર્યથી વિસ્તારના લોકોના જીવનમાં નોંધપાત્ર રાહત મળશે તેમજ સ્વચ્છ અને સુવિધાસભર વાતાવરણનું નિર્માણ થશે.

### ગીરના જંગલ મુદે પ્રધાનમંત્રી સુધી રજૂઆત

# સિંહોના મોત, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને જંગલ હિતના પ્રશ્નો ઉઠાવતાં પર્યાવરણ પ્રેમીઓ

**વનપ્રકૃતિ સાથે છેડછાડ કરવાનુ બંધ થવુ જોઈએ**



અમરેલી, તા. ૧૩

એશિયાટિક સિંહોનું એકમાત્ર કુદરતી રહેઠાણ ગણાતા ગીર જંગલના સંરક્ષણ અને તાજેતરમાં ઉભા થયેલા વિવિધ વિવાદાસ્પદ મુદાઓને લઈને પર્યાવરણ પ્રેમીઓએ દેશના પ્રધાનમંત્રી તથા રાજયના મુખ્યમંત્રી સમક્ષ ગંભીર રજૂઆત કરી છે. ગીર વિસ્તારમાં સિંહોના ચિંતાજનક મોત, જંગલના હિતોને અસર કરતી પ્રવૃત્તિઓ, ગેરકાયદેસર રિસોર્ટો, માઈનિંગને અપાયેલી મંજૂરી સહિતના મુદ્દાઓ અંગે તાત્કાલિક ધ્યાન દોરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

પર્યાવરણ અને વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે કાર્યરત વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર ભૂષણ પંડયા, રોહિત વ્યાસ, સી.ટી. રાણા, સુરેશ ભટ્ટ, સંજય કેલૈયા અને રેવતુંભા રાયઝાદા સહિતના આગેવાનોએ સંયુકત રીતે પત્ર પાઠવી ગીર જંગલની હાલની સ્થિતિ અંગે ચિંતા વ્યકત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ગીર અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી સિંહોના મોતની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે, જે વન્યજીવ સંરક્ષણ માટે ચિંતાજનક બાબત છે.

પર્યાવરણ પ્રેમીઓએ રજૂઆતમાં ઉલ્લેખ કર્યો છે કે ગીર વિસ્તારની પર્યાવરણીય સંવેદનશીલતાને અસર કરે તેવી કેટલીક પ્રવૃત્તિઓને મંજૂરી અપાઈ રહી હોવાના આક્ષેપો સામે આવી રહ્યા છે. ગેરકાયદેસર રીતે ચાલી રહેલા રિસોર્ટો, ખનન પ્રવૃત્તિઓ અને જંગલના નિયમોને અસર કરતા નિર્ણયો અંગે પણ કેન્દ્ર અને રાજય સરકારને માહિતગાર કરવામાં આવ્યા છે. રજુઆતમાં રાજભા ગઢવીને અપાયેલી મંજૂરીનો મુદો પણ ઉઠાવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

પર્યાવરણ પ્રેમીઓનું કહેવું છે કે ગીર જેવા અતિ સંવેદનશીલ જંગલ વિસ્તારમાં લેવાતા દરેક નિર્ણયમાં વન્યજીવ અને પર્યાવરણના હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવવી જોઈએ. જો નિયમોમાં શિથિલતા દાખવવામાં આવશે તો તેનો સીધો પ્રભાવ સિંહોના રહેઠાણ અને સમગ્ર જૈવ વૈવિધ્ય પર પડી શકે છે.

પત્રમાં ગીર જંગલ અને તેની આસપાસના વિસ્તારમાં વન્યજીવો માટે અનુકૂળ વાતાવરણ જળવાઈ રહે તે માટે કડક પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ સિંહોના મોતના કારણોની પારદર્શક તપાસ, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી તથા જંગલ સંરક્ષણ સંબંધિત નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવાની પણ માંગ કરવામાં આવી છે.

પર્યાવરણ પ્રેમીઓએ જણાવ્યું છે કે એશિયાટિક સિંહો માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર દેશની અમૂલ્ય કુદરતી ધરોહર છે. તેમના સંરક્ષણ માટે સરકાર, વન વિભાગ અને સમાજના તમામ વર્ગોએ સંકલિત પ્રયાસો કરવાની જરૂર છે. ગીર જંગલના હિતોને નુકસાન પહોંચાડતી કોઈપણ પ્રવૃત્તિ સામે કડક વલણ અપનાવવામાં આવે તેવી પણ માંગ ઉઠાવવામાં આવી છે.આ રજૂઆત બાદ ગીર જંગલ અને એશિયાટિક સિંહોના સંરક્ષણને લઈને ફરી એકવાર ચર્ચા તેજ બની છે. હવે સરકાર અને સંબંધિત વિભાગો આ રજૂઆતને કેટલું મહત્વ આપે છે અને શું પગલાં ભરે છે તેના પર સેની નજર મંડાઈ છે.

# બગસરા : ખેત બચાઓ અભિયાન અને પ્રાકૃતિક ખેતી અંતર્ગત તાલીમ યોજાઈ



અમરેલી, તા. ૧૩

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા તા. ૯ જુન, ૨૦૨૬ના રોજ બગસરાના ખારી ગામે કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. મિનાક્ષી કે. બારીયાનાં માર્ગદર્શન હેઠળ તાલીમનું આયોજન કરાયું. ડો. મિનાક્ષી કે. બારીયા દ્વારા આ અભિયાન અંતર્ગત જમીન અને પાણીના પૃથ્થકરણ વિશે, સંતુલિત અને સંકલિત ખાતરનો ઉપયોગ કરવા તથા પ્રાકૃતિક ખેતી અપનાવવા વિશે વાત કરી તથા જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના જૈવિક ઉત્પાદનનાં વેચાણ જેવા કે ગીર સાવજ ટ્રાયકોડર્મા અને બ્યુવેરીયા જીવાણુંજન્ય ફૂગ જે જૈવિક જીવાત નિયંત્રણ માટે ઉપયોગી છે તે અંગે ખેડૂતોને સમજાવ્યું. વિષય નિષ્ણાત ડો. નેહા તિવારી દ્વારા પાકની જરૂરીયાત, જમીનની ફળદ્રુપતા અને હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને યોગ્ય માત્રામાં, યોગ્ય સમયે અને યોગ્ય પધ્ધતિથી ખાતરનો સંતુલિત ઉપયોગ કરવો એ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા. ત્યારબાદ કેવીકે અમરેલી દ્વારા નવા પીપરીયા ગામના પુનાભાઈ સતાણીના ખેતર પર પ્રાકૃતિક મોડેલ ફાર્મમાં ઉપયોગી ઈનપુટસ બનાવવા માટે જરૂરી વસ્તુઓ જેવી કે ટીપણા, તગારા, ડોલો, ગોળ અને ચણાનો લોટ વગેરે આપવામાં આવ્યા અને વૈજ્ઞાનિકો દ્વારા તેમને પ્રાકૃતિક ખેતીમાં રાખવાની થતી કાળજી વિશે વાત કરી સાથે સાથે જુદી જુદી વસ્તુના મૂલ્યવર્ધન કરવા અંગે પણ સમજાવ્યું.

મેડિક્લેઈમ સુવિધા તથા GSRTC (ST) માન્ય હોસ્પિટલ

આયુષ્માન કાર્ડ અને PGVCL ના કર્મચારીઓ માટે કેશલેસ સારવાર ઉપલબ્ધ

કાર્યરત વિભાગો

યુરોલોજી વિભાગ (કિડની - પથરી - પ્રોસ્ટેટ) | ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ (સ્ત્રી રોગ) | મેડીસીન વિભાગ (ફિઝિશિયન)

બાળરોગ વિભાગ (પીડીયાટ્રીક્સ) | આંખ વિભાગ | ઈ.એન.ટી વિભાગ (કાન-નાક-ગળા)

ઓર્થોપેડિક વિભાગ (હાડકા-સ્નાયુ-સાંધા) | જનરલ સર્જરી વિભાગ | ડાયાલિસીસ વિભાગ

લેબોરેટરી વિભાગ | આયુર્વેદ વિભાગ | ફિઝીયોથેરાપી વિભાગ

24/7 Emergency Services

GUVNL

NABH

PM-JAY

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ

ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૨૩૯૯૯

એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


## ''અમરેલી એક્સપ્રેસ''માં સમસ્યા અંગે અહેવાલ પ્રસિધ્ધ થતાં માર્ગ–મકાન વિભાગે આળશ ખંખેરી

# અંતે મોટી કુંકાવાવમાં બંધ થયેલ માર્ગની કામગીરી શરૂ કરાઈ

**૧૩ જૂનનાં અંકમાં સચિત્ર અને સચોટ અહેવાલ પ્રસિધ્ધ થતાં જ તંત્રએ આળશ મરડી**

**ઘણા દિવસોથી મુશ્કેલીઓનો સામનો કરતાં વાહન ચાલકોમાં રાહતની લાગણી**

**જો મીડિયા જાગૃત હોય તો વહીવટીતંત્ર જનલક્ષી કામગીરી કરવા મજબુર બને તે હકીકત છે**

**માર્ગ–મકાન વિભાગ જો પૂનઃ બેદરકારી દાખવશે તો પૂનઃ સચોટ અહેવાલ પ્રસિધ્ધ થશે**



અમરેલી, તા. ૧૩

કુંકાવાવ સ્ટેટ હાઈવેથી નવો રોડ બનાવવાનું કામ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યું છે. જેના કારણે હજારો વાહનચાલકો તેમજ વેપારીઓ પરેશાની ભોગવી રહ્યા છે. તેને સચિત્ર અહેવાલ તા. ૧૩/૬/૨૦૨૬નાં રોજ "અમરેલી એક્સપ્રેસ" અખબારમાં પ્રસિધ્ધ થતાં તંત્ર અને એજન્સી હરકતમાં આવી હતી અને તાત્કાલીક માણસો અને મશીનરીનો ખડકલો થયો હતો અને જવાબદાર સુપરવાઈઝરે બપોર બાદ તાત્કાલીક પીસીસી બનાવવાનું કાર્ય ચાલુ કરેલ છે. જેથી હવે આવી રીતે યુધ્ધનાં ધોરણ કામ ચાલું રાખવામાં આવે તો વરસાદ પહેલા ઘણુખરૂ કામ પૂર્ણ થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે. ત્યારે જવાબદાર અધિકારી રોજે રોજ કામનું સુપરવિઝન કરીને સમીક્ષા કરે તે જરૂરી છે. કારણ કે આ રોડ બનાવવાનું કામ છેલ્લા ઘણા મહિનાઓથી ચાલે છે અને થોડા મીટર રોડ બનાવીને ફરી કામ બંધ કરે છે. ફરી રજૂઆત થાય એટલે કામ ચાલું કરવામાં આવે છે. જેથી અનેક સમસ્યાનો સામનો લોકો તેમજ વાહનચાલકોને કરવો પડી રહ્યો છે. ત્યારે હવે એકપણ દિવસ કામ બંધ રાખ્યા વગર રોડ બનાવવામાં આવે તેવી સૌ કોઈ માંગ કરી રહ્યા છે.




## માનવભક્ષી બનેલી સિંહણ, બે બચ્ચાને પકડી લેવાયા

# બગસરા તાલુકાનાં ઘંટીયાણની ઘટના માટે ઠોસ કાર્યવાહી અને કાયમી ઉકેલની બાંહેધરી માગતા ગ્રામજનો

**સિંહણનો શિકાર બનેલા બાળકનો મૃતદેહ સ્વીકારવા બીજા દિવસે પણ પરિવારજનોનો ઈન્કાર**



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાનાં ઘંટીયાણ ગામની સીમમાં આવેલી એક વાડીમાં ગુરૂવારે લઘુશંકા કરવા ગયેલા એક સાત વર્ષનાં પરપ્રાંતિય બાળક પર એક સિંહણ અને બે બચ્ચાંએ હુમલો કરતા બાળકનું મોત નીપજયું હતું. બનાવના પગલે રોષે ભરાયેલા બાળકનાં પરિવાર તથા ગામલોકો દ્વારા આ વિસ્તારમાં આ મામલે ઠોસ કાર્યવાહી કરી કાયમી ઉકેલની ખાત્રી નહીં આપે ત્યાં સુધી મૃતદેહ સ્વિકારવા ઈન્કાર કરી દેવાતા વનતંત્ર દ્વિધામાં મુકાયું છે. બનાવના

અનુસંધાન પાના ૬ ઉપર

## જેશીંગપરામાં રહેતા ૨ વ્યકિતઓ દ્વારા

# અમરેલીમાં ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન પોલીસ કર્મીની ફરજમાં રૂકાવટ કરાઈ

**પોલીસ કર્મીએ ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ**

અમરેલી, તા. ૧૩

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ પોલીસ હેડ કવાર્ટસમાં રહેતા રાણાભાઈ ભીમાભાઈ પરમાર નામના પોલીસ કોન્સ. તથા અન્ય પોલીસ કર્મીઓ ધ્વારા તા. ૧૨નાં સાંજનાં આશરે સાતેક વાગ્યે અમરેલીના બીનાકા ચોક તથા નાગનાથ પોલીસ ચોકી પાસે ટ્રાફિક ડ્રાઈવ રાખેલ હોય અને તે દરમ્યાન પોતાની કાયદેસરની ટ્રાફિક નિયમનની ફરજ પર હતા તે દરમ્યાન મોટર સાયકલ વાહન નં. જીજે –૧૪ બીએફ–૬૮૬૨ના ચાલક કાર્તીક અશ્વિનભાઈ નેનુજી (રહે. જેશીંગપરા) તથા તે વાહનનાં પાછળ બેસેલ ઈસમ પ્રશાંતભાઈ અશ્વિનભાઈ નેનુજીએ વાહન ઉભુ રખાવતા ચાલકે તેઓનું વાહન ઉભુ નહીં રાખી તેમજ તેઓને આર.ટી.ઓ. લગતના કાગળો પુરતા ન હોવાથી એમ.વી.એકટ કલમ ૨૦૭ મુજબનો આર.ટી.ઓ. મેમો આપતા બન્ને ઈસમોએ ઉગ્ર થઈ બોલાચાલી કરી ઉશ્કેલીજનક શબ્દો બોલી આરોપીએ તેઓનું વાહન તમારી ઉપર ચડાવી દઈ મારી નાખીશું તેમ ધમકી આપી પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી બન્ને આરોપીઓ નાશી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,36,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૩/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
Available in: Base Stand & Non-Base Stand
Color options: Wine Royal
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)